| | | | |
|---|---|---|---|
| GJBT020000212014 | सत्यमेव जयते | રજુ તારીખ | ૧૩/૦૨/૨૦૧૪ |
| | | દાખલ તારીખ | ૧૩/૦૨/૨૦૧૪ |
| | | ફેંસલ તારીખ | ૦૩/૦૪/૨૦૨૬ |
| | | **અવધિ :–** વર્ષ – માસ – દિવસ<br>૧૨ ૧ ૧૮ | |

**બોટાદના મે. એડી. સિવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, તા.જી. બોટાદ.**

**રેગ્યુલર દિવાની કેસ નં. ૬/૨૦૧૪**
**આંક – _____**

**(૧) શ્રી લખમણભાઈ થોભણભાઈ દલવાડી, ઉ.વ.આ.૬૧,**

**(૨) શ્રી ગીરધરભાઈ થોભણભાઈ દલવાડી, ઉ.વ.આ.૫૮,**

**(૩) શ્રી ઈશ્વરભાઈ ઓઘડભાઈ દલવાડી, ઉ.વ.આ.૭૪,**

**(૪) શ્રી પ્રભુભાઈ ઓઘડભાઈ દલવાડી, ઉ.વ.આ.૭૨,**

**(૫) શ્રી કમળાબેન તે ગુ.મનસુખભાઈ વશરામભાઈના વીધવા, ઉ.વ.આ.૫૮,**

**(૬) શ્રી લાલજીભાઈ વશરામભાઈ દલવાડી, ઉ.વ.આ.૫૦,**

**(૭) શ્રી શામજીભાઈ વશરામભાઈ દલવાડી, ઉ.વ.આ.૪૭,**

**(૮) શ્રી અરવિંદભાઈ વશરામભાઈ દલવાડી, ઉ.વ.આ.૪૫,**

**(૯) શ્રી રમેશભાઈ વશરામભાઈ દલવાડી, ઉ.વ.આ.૪૦,**

**(૧૦) શ્રી જેરામભાઈ કરમશીભાઈ દલવાડી, ઉ.વ.આ.૫૫,**

**(૧૧) શ્રી ધીરુભાઈ કરમશીભાઈ દલવાડી, ઉ.વ.આ.૪૮,**

**(૧૨) શ્રી જયંતીભાઈ કરમશીભાઈ દલવાડી, ઉ.વ.આ.૪૦,**
ધંધો નં.૧ થી ૭ અને ૧૦ થી ૧૨ ખેતી,
નં.૮,૯ કડીયાકામ, રહે.નં. થી ૭ અને ૧૦ થી ૧૨ ના બોટાદ,

અને ૮–૯ ગાંધીનગર, હે.નં.૧ થી ૩, ૫ થી ૬ ભરત નગર,
પાળીયાદ રોડ, સુર્યા ગાર્ડન પાછળ, હે.નં.૪ અને ૧૧–૧૨
પાળીયાદ રોડ, આનંદધામ બંગ્લોઝ પાછળ, વાડીમાં હે.નં.૭
પાંચ પડા, મીરા પાર્કની બાજુમાં, હે.નં.૧૦ પાંચ પડા, બોટાદ
હે.નં.૮–૯ ગાંધીનગર, સેકટર નં.૩.સી. ૧૪૬૮/૨.

**....................વાદી**

**વિરૂધ્ધ**

**ગુ.કુંભાર રૂપાભાઈ આંબાભાઈ તથા વિધવા પત્ની**
**સંતોકબેન રણછોડભાઈના વારસદાર–**

**(૧) ગુ.ગોવિંદભાઈ રૂપાભાઈ કુંભારના વારસો–**

**૧/૧ ગુ.લીલાબેન ગોવિંદભાઈ કુંભાર તે પ્રવિણભાઈ કુંભારના પત્નીના વારસો**

**૧/૧/૧ દિલીપભાઈ પોપટભાઈ ઉ.વ.–૫૬**

રહે.બી/૪૪ વિનાયક પાર્ક, આર.ટી.ઓ.રોડ, વસ્તાલ, અમદાવાદ.

**૧/૧/૨ જીતેન્દ્રભાઈ પોપટભાઈ ઉ.વ.–૫૨**

રહે.બી/૮ હરસિધ્ધી પાર્ક, મહાદેવ વિનાયક પાર્ક, આરટીઓ.રોડ, વસ્તાલ, અમદાવાદ.

**૧/૧/૩ પ્રકાશભાઈ પોપટભાઈ ઉ.વ.–૪૮**

રહે.૫૪૫, જનતાનગર, રામોલ રોડ, અમદાવાદ.

**૧/૨ લાભુબેન ગોવિંદભાઈ કુંભાર તે રતીલાલ કુંભારની પત્ની, ઉ.વ.–૬૧**

રહે.વસ્તાલ રોડ, રતનપુરા, ૪૨/ભવાનીપાર્ક જી.અમદાવાદ.

**૧/૩ ગુ.કાંતીભાઈ ગોવિંદભાઈ કુંભારના વારસો**

**૧/૩/૧ ચંદ્રિકાબેન કાન્તીભાઈ તે કાન્તીભાઈના વિધવા ઉ.વ.–૬૭**

**૧/૩/૨ હરેશભાઈ કાન્તીભાઈ ઉ.વ.–૪૭**

**૧/૩/૩ ગુ.હસમુખભાઈ કાન્તીભાઈ** જેમનું મૃત્યૃ તા.૩/૭/૨૧ ના રોજ થયેલું છે જેમના વારસદારો નીચે મુજબ છે.

**૧/૩/૩/૧ ભાવનાબેન હસમુખભાઈ પ્રજાપતિ તે તેમના પત્ની ઉ.વ.–૪૫**

**૧/૩/૩/૨ સગીર ધેર્ય હસમુખભાઈ પ્રજાપતિના વાળી તરીકે ભાવનાબેન હસમુખભાઈ**

તમામ રહે.ગીતાપાર્ક સોસાયટી, ઘર નં.૯૫, સુરેલીયા એસ્ટેટ, અમદાવાદ.

**૧/૩/૪ ગુ.માયાબેન કાન્તીભાઈના વારસો**

**૧/૩/૪/૧ શ્રેયાબેન પરેશભાઈ, ઉ.વ.૧૮,**
રહે.૪૦૭, સાશ્વ એપાર્ટમેન્ટ વિભાગ–૨, શાંતિ નગરની બાજુમાં, વસ્તાલ, અમદાવાદ.

**૧/૪ ગોરધનભાઈ ગોવિંદભાઈ કુંભાર, ઉ.વ.૫**
રહે.૨૦૮,પરમેશ્વરપાર્ક, ગીતાપાર્કની પાછળ, સુરેલીયા એસ્ટેટ, વસ્ત્રાલ રોડ, અમદાવાદ.

**૧/૫ વીમુબેન ગોવિંદભાઈ કુંભાર તે દિલીપભાઈ કુંભારના પત્ની, ઉ.વ.–૫૪**
રહે.માધવાનંદ સોસા. પ્લોટ નં.૧૧૮, ચીત્રા પાસે, ભાવનગર.

**૧/૬ હંસાબેન ગોવિંદભાઈ તે હિંમતભાઈ કુંભારના પત્ની, ઉ.વ.–૫૧**
રહે.જોષી હાઈસ્કુલ સામે, સાપરા બીલ્ડીંગ, તા.કલ્યાણ, ડોબીવલી, મુંબઈ.

**૧/૭ નીતાબેન ગોવિંદભાઈ કુંભાર તે ભુપેન્દ્રભાઈ કુંભારના પત્ની ઉ.વ.–૪૯**
રહે.ડી/૯૧૦, રાજયગુરુ સોસા. પાસે, વિદ્યાનગર, જી.આણંદ.

(૨) **ગુ.દેવજીભાઈ રૂપાભાઈ કુંભાર, ઉ.વ.૬૩**

**૨/૧ હમીરભાઈ દેવજીભાઈ કુંભાર, ઉ.વ.૬૩**

**૨/૨ જગજીવન દેવજીભાઈ કુંભાર, ઉ.વ.૫૫**

**૨/૩ મંગુબેન દેવજીભાઈ કુંભાર તે રમણીકભાઈ ના પત્ની, ઉ.વ.૫૦**
રહે.તમામ બોટાદ, ઠે.તુરખા રોડ, વરીયાદેવીના મંદિર પાસે,

**(૩) ગુ.જેઠાભાઈ રૂપાભાઈ કુંભાર ત.૯/૭/૨૦૧૬** ના રોજ મરણ ગયેલ છે અને તેમના પત્ની રામુબેન ઘણા વર્ષો પહેલા એટલે કે તા.૨૧/૩/૧૯૮૫ ના રોજ મરણ ગયેલ છે જેમના વારસદારો નીચે મુજબ છે.

**૩/૧ દામોદરભાઈ જેઠાભાઈ ઉ.વ.–૬૭**

**૩/૨ મુનાભાઈ જેઠાભાઈ ઉ.વ.–૬૭**
બંને રહે.–વરિયાદેવી મંદિર પાસે, તુરખા રોડ, બોટાદ.

**૩/૩ રંજનબેન જેઠાભાઈ ઉ.વ.–૬૦**
રહે.દેસાઈનગરની પાછળ, જવેરભાઈની વાડી, મીરપાર્ક, બ્લોક નં–૧૧/બી ભાવનગર.

(૪) **ગુ.તળશીભાઈ રૂપાભાઈ કુંભારના વારસો–**

**૪/૧ ગુ.પીતાંબરભાઈ તળશીભાઈ કુંભાર** તા.૨૩/૧૧/૨૦૨૨ ના રોજ મરણ ગયેલ છે જેમના વારસદારો નીચે મુજબ છે.

**૪/૧/૧ સાન્તાબેન પીતાંબરભાઈ ઉ.વ.–૬૪**

**૪/૧/૨ હસમુખભાઈ પીતાંબરભાઈ ઉ.વ.–૬૪**

**૪/૧/૩ રાજેશભાઈ પીતાંબરભાઈ ઉ.વ.–૫૫**
**૪/૧/૪ શાંતાબેન પીતાંબરભાઈ ..વ.–૬૪**
નં.૧ અને ૩ રહે–૧૮૯ માધવપાર્ક પાર્ક, વિભાગ ૪, વસ્તાલ, અમદાવાદ.
નં.ર અને ૪ રહે.–૧૩૬૪, ગાયત્રી નગર, ગુજરાત હાઉસીંગ બોર્ડ, ગણેશપુરા, અમરેલી, સુરત.
**૪/૨ ધીરુભાઈ તળશીભાઈ કુંભાર, ઉ.વ.–૫૯**
રહે.નડીયાદ, હે.વૈશાલી સીનેમા પાછળ, વરીચા પ્રજાપતિની વાડી, નટરવરપાર્ક, સોસા.મકાન નં.૧૩
**૪/૩ બાબુભાઈ તળશીભાઈ કુંભાર ઉ.વ.–૫૬**
રહે. નડીયાદ, હે.માઈમંદિર પાછળ, ગણેશ સોસા.,

**........ પ્રતિવાદીઓ**

---

**<u>દાવોઃ</u>– વાદીની દાવા લગત ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા તથા પ્રતિવાદીની આંક–૩૦ લગત રજી.વ.દ.અ.નં.૪૨૨ રદ કરવા તથા કાયમી મનાઈ હુકમ તથા ડેકલેરેશન લગતનો કાઉન્ટર દાવા લગત સંયુકત હુકમ.**

---

**વાદીઓ તરફે વિદ્વાન વકીલ શ્રી – સી.આર.મહેતા.**
**પ્રતિવાદી ઓ તરફે વિદ્વાન વકીલશ્રી –આર.સી.પ્રજાપતિ.**

---

## –: <u>ઠ રા વ</u> :–

**૧.) <u>આ કામે વાદી પોતાના દાવાની ટુંકમાં હકીકત જણાવે છે કે</u>,** વાદીઓ ગુજરનાર મોનાભાઈ નરસીભાઈ દલવાડીના વારસદારો છીએ. ગુજરનાર મોનાભાઈ નરસીભાઈ દલવાડીને છ પુત્રો (૧) ગુજરનાર થોભણભાઈ (૨)ગુજરનાર હમીરભાઈ (૩) શીવાભાઈ (૪) ઓઘડભાઈ (૫) કરમશીભાઈ (૬) ગુજરનાર વશરામભાઈ એમ અમો વરસો પહેલા સંયુકત કુટુંબમાં રહેતા હતાં ૧૯૬૩ માં દલવાડી થોભણ મોના અને દલવાડી કરમશી મોનાના સંયુકત નામો બોટાદની સીમના સર્વે નં:૬૧૨/૧ એ:૧–૧૯ ગુઠા રજી.વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં:૪૨૨,તારીખ:૧૪/૦૬/૧૯૬૩ના રોજ કુંભારણ બાઈ સંતોકબેન રણછોડભાઈ તે કુંભાર રૂપાભાઈ આંબાભાઈની વીધવા

પાસેથી વેચાણથી રાખેલ છે અને આ કામના પ્રતિવાદીઓ કુંભાર રૂપાભાઈ આંબાભાઈ અને તેની વીધવા બાઈ સંતોકબેનના વારસદારો છે. જે દસ્તાવેજ ની કોપી આ સાથે માર્ક ૪/૧થી રજુ છે અને સ.નં:૬૧૨/૨ની એ:૧-૩૭ ગુઠા તથા સ.નં:૬૧૨/૩ની એ:૩-૧૮ ગુઠાની સંયુક્ત જમીન રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં૪૨૩ તા:૧૪/૬/૧૯૬૩ના રોજ કુંભાર માલાભાઈ આંબાભાઈ પાસેથી દલવાડી થોભણભાઈ મોનાભાઈ તથા કરમશીભાઈ મોનાભાઈએ વેચાણથી રાખેલ છે. જે દસ્તાવેજની કોપી માર્ક ૪/૨ થી રજુ રાખીએ છીએ. આ બન્ને દસ્તાવેજો વાળી ખેતીની જમીન જોડાજોડની આવેલી છે અને દસ્તાવેજ થતાં અમો વેચાણ રાખનાર જમીનનો શાંત પ્રત્યક્ષ કબજો સંભાળી લીધેલ છે. મોનાભાઈ નરસીભાઈના વારસદારોએ ખેતીની જમીનની વહેંચણી કરતા ગુ.થોભણભાઈ ઓઘડભાઈ, ગુ.વશરામભાઈ અને કરમશીભાઈના હીસ્સામાં સ.નંબરઃ ૬૧૨ની ઉપર વર્ણવેલ દસ્તાવેજ વાળી ખેતીની જમીન આવેલી છે. જે જમીનમાં પુર્વ-પશ્ચિમ લંબાઈના શેઢા કરતા ચાર હીસ્સામા વહેચેલી છે, જેમાં ઉત્તર તરફનો પ્રથમ હીસ્સો કરમશીભાઈ મોનાભાઈ એટલે વાદી નં:૧૦-૧૧-૧૨ નો આવેલો છે અને તેમાં પશ્ચિમાદા શેઢે એક ઓરડી છે અને હાલ ઘઉંનું વાવેતર કરેલુ છે. ત્યારબાદ દક્ષીણે વશરામભાઈ મોનાભાઈનો હીસ્સો આવેલ છે તેમાં પણ પશ્ચિમાદા શેઢે ઓરડી અને બાજુમાં ચારેયનો સંયુક્ત કુવો આવેલો છે. જે વશરામભાઈ મોનાભાઈ એટલે વાદી નં:૫ થી ૯ નો હીસ્સો છે અને તેમાં ઘઉ તથા બાજરી વાવેતર કરેલ છે. ત્યારબાદ દક્ષીણે ઓઘડભાઈ મોનાભાઈનો હીસ્સો છે તેમાં પણ પશ્ચિમાદા શેઢે એક ઓરડી આવેલ છે આ ઓઘડભાઈ મોનાભાઈના હીસ્સામાં વાદી નં:૩ અને ૪નો હીસ્સો છે અને હાલ કપાસ, રજકો અને જુવારનું વાવેતર કરેલ છે અને ત્યારબાદ દક્ષીણે થોભણભાઈ મોનાભાઈનો હીસ્સો તેમા પણ એક ઓરડી છે જે હાલ વાદી નં:૧ અને ૨ આ જમીનમાં કપાસ, જુવાર અને શાકભાજીનું વાવેતર કરેલ છે. આ જમીનમાં દાખલ થવા પુર્વ બાજુએ થોભણભાઈ મોનાભાઈના દક્ષીણાદા શેઢે દાખલ થઈ દક્ષીણાદા શેઢે પુર્વથી પશ્ચિમાદા શેઢા સુધી અને આ પશ્ચિમાદા શેઢે દક્ષીણ થી ઉતરનો રસ્તો ભાઈઓએ સમજણથી મુકેલો છે.

વાદીઓની જમીનની ચર્તુઃસીમા ખુટમા વર્ણન નીચે મુજબ છે.

પુર્વે :- તળાવ આવેલ છે. તે તરફ ઉતર-દક્ષીણ લંબાઈની સળંગ થોરની વાડ આવેલી છે.

પશ્ચિમે :- હડદડનો સીમાડો આવેલ છે તે તરફ બાવળના ઝાડ ઉમહેલા છે.

ઉતરે :- રામજીભાઈ ગાંડાભાઈની ખેતીની જમીન આવેલી છે અને તે તરફ પુર્વ-પશ્ચિમ લંબાઈનો બન્ને વચ્ચેની રીઢો છે.

દક્ષીણે :- નદી છે અને તે તરફ થોર અને બાવળની પુર્વ-પશ્ચિમ લંબાઈની વાડ આવેલ છે.

આ ઉપરોક્ત જમીન ૧૯૬૩ માં ખરીદેલ બન્ને જમીનો જોડાજોડની હોય તે મુજબનો કબજો ૧૯૬૩ થી આવેલો છે. વાદીઓના ઉપરોકત બન્ને દસ્તાવેજો પૈકી કુંભાર માલાભાઈ આંબાભાઈ પાસેથી જે સ.નં. ૬૧૨/૨, એ:૧-૩૭ ગુઠા અને સ.નં:૬૧૨/૩, એ:૩-૧૮ગુઠા વાળી જમીન અમારા રેકર્ડ ઓફ રાઈટમાં નોંધાયેલ છે પરંતુ રજીસ્ટર્ડ દસ્તાવેજ અનુ નં:૪૨૨, તા:૧૪/૬/૬૩ ની સ.નં.૬૧૨/૧ ની એ:૧-૧૯ ગુઠા વેચનાર કુંભારણ બાઈ સંતોકબેન રણછોડભાઈ તે કુંભાર રૂપાભાઈ આંબાભાઈની વીધવાએ કરી આપેલ તેની નોંધ રેવન્યુ રેકર્ડમાં થયેલ નથી અને તેની જાણ અમો વાદીઓને છેલ્લે નવેમ્બર-૨૦૧૩ માં પ્રતિવાદીઓ પૈકી ગોરધનભાઈ, હમીરભાઈ, જગજીવન ભાઈનાઓ અમારી જમીન પર આવીને આ જમીનની માપણી કરાવવાનુ જણાવતા અને અમો વાદીઓની કબજાવાળી જમીન તેમના રેવન્યુ રેકર્ડમાં લખાતી હોવાનું જાણ થયેલ છે. વાદીઓને આ જાણ થતાં અમો તપાસ કરતા રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં:૪૨૨, તા:૧૪/૦૬/૬૩ વાળી જમીનની નોંધ અમારા રેવન્યુ રેકર્ડમાં નોંધાતી ન હોવાનુ અને આ જમીન પ્રતિવાદીઓના રેવન્યુ રેકર્ડમાં નોંધ ચાલતી હોવાનું જણાયેલ છે. જેથી અમો વાદીઓએ આ પ્રતિવાદીઓને અમારી પાસે તેમના ગુજરનાર માતૃશ્રીબાઈ સંતોકબેન રણછોડભાઈએ રજી.વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. તેમ જણાવી તેમજ આ જમીનનો શાંત પ્રત્યક્ષ કબજો ભોગવટો ૧૯૬૩થી વાદીઓ પાસે હોવાનું અને ખેતરોમાં ખુબ જ મહેનત છાને ખર્ચ કરીને જમીન

ફળદ્રુપ બનાવેલ છે ત્યારે અમોને અમારા નામે રેવન્યુ રેકર્ડમાં નોંધ પડાવવા કાર્યવાહ થવા વિનંતી કરેલ, પરંતુ પ્રતિવાદીઓ ખોટી ચડવણીથી અને હાલ જમીનોની બજાર કીમત વધી જવાથી પ્રતિવાદીઓ બઈરાદાથી આ રેવન્યુ રેકર્ડની નોંધની ગેરલાભ લઈ તેનો ઉપયોગ કરી જમીન અન્ય આસામીને વેચી દેવા ટ્રાન્સફર કરી નાખવા કે તે અંગેના ખોટા દસ્તાવેજો ઉભા કરવા છેલ્લા પંદર દીવસથી પ્રયત્નશીલ થયેલ છે અને તેઓ આ મિલક્ત ટ્રાન્સફર કરવા વેચી નાખવા કે અન્ય ખત કરવા માગે છે અને અમારી પાસેથી ખોટી રીતે નાણા પડાવવા માંગે છે પ્રતિવાદીઓના રેકર્ડ ઓફ રાઈટસમાં જે નોંધ છે તે માત્ર શરતચુકના કારણે તેમજ વાદીઓ તરફથી જે વહીવટકર્તા હતા તેઓ અભણ હતા અને જેથી કુલ ક્ષેત્રફળની નોંધ અંગે કયારેય તપાસ કરેલી નહી. વાદીઓ આ પ્રતિવાદીઓના રેકર્ડ ઓફ રાઈટસમાં જે ખાતા નં૪૬૯ થી સ.નં:૬૧૨/૧ની જમીન હે.આરે.ચો.મીટર:૦-૫૯-૬૯ આકાર રૂા ૩-૦૦ વાળી મિલ્કતના માલીક કબજેદાર છીએ અને પ્રતિવાદીઓ આ રેવન્યુ રેકર્ડનો દુરૂપયોગ કરી શકતા નથી. આ મિલકત પરત્વે પ્રતિવાદીઓનો કોઈ હકક, હીત કે અધિકાર આવેલો નથી અને પ્રતિવાદીઓને આ મિલકત વેચાણ કરવા ટ્રાન્સફર કરવા કે એસાઈન કરવા કે કોઈ ખત કરવાના અધિકારો રહેલા નથી, જેથી તેઓને અટકાવવામાં આવે તો કોઈ જ હકક હીતને નુકશાન થતુ નથી. જયારે પ્રતિવાદીઓનો આ મિલકત પરત્વે દુષ્કૃત્યથી વાદીઓના કાયદેસરની માલીકી કબજા ભોગવટાવાળી જમીનમાં હકક હીત અધિકારને નાણામાં ન આંકી શકાય તેવુ નુકશાન ઉભુ થાય તેમ છે. વાદીઓનો સાચો અને પ્રાયમાફેસી કેસ છે.બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓની તરફેણમાં છે અને વાદીઓ પાસે આ સમન્યાયી દાદ સીવાય અન્ય કોઈ દાદ ઉપલબ્ધ નથી જેથી આ દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે. વાદીઓને સને ૨૦૧૩ માં પ્રતિવાદીઓ પૈકી ગોરધનભાઈ વિગેરે અમારી જમીને આવી માપણી કરાવવા વીગેરે જણાવતા તપાસતા તજવીજ કરતા વેચાણ દ.અ.નં.૪૨૨ ની જમીનની નોંધ રેવન્યુ રેકર્ડમાં થયેલ ન હોવાનુ જણાતા તેમજ છેલ્લા પંદર દીવસથી પ્રતિવાદીઓ આ વાદગ્રસ્ત સ.નં-૬૧૨/૧ની જમીન અન્ય માથાભારે

આસામીઓને વેચાણ કરવા ટ્રાન્સફર કરવા, એસાઈન કરવા પ્રયત્નો કરતા આ દાવાનું કાયદેસરનું કારણ તે રોજ તથા રોજેરોજ આપ નામદાર કોર્ટમાં ઉત્પન્ન થયેલ છે.

**તેમ કહી દાવામાં દાદ માંગતા જણાવે છે કે,**

(૧) વાદીઓ ની માલીકી કબજા ભોગવટા ની ખેતી ની જમીન સ.નં.૬૧૨/૧, હે.આ.ચો.મી: ૦–૫૯–૬૯, આકાર રૂા. ૩–૦૦ વાળી રજી.વેચાણ દ.અ.નં.૪૨૨, તા:૧૪/૬/૬૩થી વેચાણથી રાખેલ છે. તે જમીન પરત્વે આ કામના પ્રતિવાદીઓને કાયદેસરનો કોઈ હકક અધિકાર કે હીત આવેલ નથી કે આ જમીન પરત્વે પ્રતિવાદીઓને કોઈ જ રજી.વેચાણ દસ્તાવેજ કે અન્ય ખત એસાઈન કે ટ્રાન્સફર કરવાનો અધિકાર આવેલો નથી તેમ ઠરાવી આપવા તથા

(૨) વાદીઓની માલીકી કબજા ભોગવટાની ખેતીની જમીન સ.નં–૬૧૨/૧. હે.આ.ચો.મી: ૦–૫૯–૬૯, આકાર રૂા.૩–૦૦વાળી રજી.વેચાણ દ.અ.નં:૪૨૨, તા:–૧૪/૬/૬૩ થી વેચાણથી રાખેલ છે તે જમીનમાં વાદીઓના કાયદેસરના કબજા ભોગવટામાં હરકત, અટકાયત, અંતરાય કરવાનો તથા આ જમીનમાં પ્રતિવાદીઓ જાતે કે તેના સગા–સબંધી, નોકર–ચાકર, એજન્ટ મારફતે પ્રવેશ કરે કરાવે નહી તેમજ આ જમીન કોઈ જ પ્રકારે કોઈ આસામીને, સંસ્થાને કોઈ રીતે ટ્રાન્સફર, એસાઈન કે વેચાણ દસ્તાવેજ કરે–કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ ફરમાવવા તથા

(૩) ન્યાય અને ઈકવીટીની રૂઈએ જે જે દાદ મળે તે તમામ અપાવવા તથા

(૪) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા.

તે રીતનો હુકમ તથા હુકમનામુ વાદીઓના લાભમાં પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા મહે કરશોજી.

**૨.)** આ કામે પ્રતિવાદીને ધોરણસર સમન્સની બજવણી કરતાં ***પ્રતિવાદી*** તરફ તેમના વિદ્વાન વકીલશ્રી મારફતે હાજર થઇ ***આંક– ૩૦*** થી ***દાવા જવાબ તથા કાઉન્ટર દાવો*** રજુ કરેલ છે. જેમાં તેઓએ વાદીના દાવા અરજીની તમામ હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, વાદીની દાવા અરજીમાં લખેલ હકીકત ખરી નથી. વાદીના દાવાને ડીલે લેચીઝ તેમજ વાદીને આવો દાવો કરવાનો કોઈ હકક કે અધિકાર નથી તેમ જણાવી વાદીના દાવાની પેરા નં.૧ થી ૧૮ ની તમામ હકીકતો ખોટી છે અને **ખરી હકીકત એવી છે કે,** આ કામના વાદીએ જે દાવો કરેલ છે તે દાવામાં જરૂરી પક્ષકારોનો બાદ આવેલો છે હાલની આ તકરારી જમીન વડીલોપાર્જીત જમીન છે. અરજણભાઈ તળશીભાઈ ને જરૂરી પક્ષકાર તરીકે જોડેલા નથી અને અરજણભાઈ તળશીભાઈ તે તળશીભાઈ રૂપાભાઈના દિકરા થાય છે અને સંતોકબેનના દિકરા થાય છે અને હાલનો દાવો સંતોકબેનના વારસદારો વિરુધ્ધ દાવો હોય તેમના તમામ વારસદારો જોડાયેલા ન હોય તે દાવો રદ થવાને પાત્ર છે. વાદીના જણાવ્યા પ્રમાણે વાદીઓ ગુ.મોના નરશીના પુત્રો હોવાની અમોને જાણ અને માહિતી નથી અને તેઓ સંયુક્ત કુટુંબમાં રહેતા હોય તેની અમોને કોઈ જાણ કે માહિતી ન હતી તેમજ વાદીઓના જણાવ્યા પ્રમાણે દલવાડી થોભણ મોના, દલવાડી કરમશી મોનાના સંયુક્ત નામે બોટાદની સીમના સર્વે નં.૬૧૨/૧ ની ખેતીની જમીન એ.૧–૧૯ ગુંઠા રજી.વે.દ.અનં.૪૨૨ તા.૧૪–૬–૧૯૬૩ ના રોજ કુંભાર બાઈ સંતોકબેન રણછોડભાઈ, કુંભાર રૂપાભાઈ આંબાભાઈ ની વિધવા બાઈ પાસેથી વેચાણ રાખવાની હકીકત ખરી નથી. પરંતુ પ્રતિવાદીઓ કુંભાર રૂપા આંબા અને તેમની વિધવા સંતોકબેનના વારસદારો હોવાની હકીકત ખરી છે તેમજ સર્વે નં. ૬૧૨/૨ ની જમીન એ. ૧–૩૭ ગુંઠા તથા સર્વે નં. ૬૧૨/૩ ની જમીન એ.૩– ૧૮ ગુંઠાની સંયુક્ત જમીન રજી.વે.દ.અનં.૪૨૩ તા.૧૪–૬–૧૯૬૩ ના રોજ કુંભાર માલા આંબા પાસેથી દલવાડી થોભણ મોના, તથા કરમશી મોનાભાઈ એ વેચાણ રાખેલ હોવાની અમોને કોઈ જાણ નથી ખરી પણ નથી. સર્વે નં.૬૧૨/૧ વાળી જમીન એ. ૧–૧૯ ગુંઠા સંતોકબેન તે કુંભાર રૂપા આંબાની વિધવા એ જમીન વેચાણ આપેલી નથી અને તેઓ કોઈ દસ્તાવેજ કરેલો નથી અને તે જમીન હાલમાં અમો પ્રતિવાદી

વારસદારોના કબજા ભોગવટામાં આવેલી છે અને તેમાં ખેતી કામ કરી ઉપજ–નિપજ લઈએ છીએ અને તેમાં કપાસનું વાવેતર કરેલુ છે. પરંતુ આ વાદીઓએ ખોટો અને બોગસ દસ્તાવેજ ઉભો કરેલો છે. વધુમાં ખરી હકીકત એ છે કે, વાદીએ ખોટા અને બોગસ દસ્તાવેજો ઉભા કરેલ હોય તકરારી જમીન ઉપર વાદીઓનો કબજો ન હોય વાદીઓને ચર્તુદિશા અંગે સત્ય જ્ઞાન નથી. વાદીઓ હાલના દાવામાં મુખ્ય દાદ માંગેલી નથી અને વાદીની મુખ્ય તકરારના કારણે વાદીઓએ દાવો દાખલ કરેલ હોય તેવી મુખ્ય દાદ માંગેલી ન હોય વાદીઓનો દાવો રદ કરવાને પાત્ર છે અને મુખ્ય દાદ માંગવામાં આવે તો વાદીનો દાવો ચલાવવાની નામદાર કોર્ટને હકુમત પહોંચતી નથી અને વાદીઓએ માલીકી કબજા સંબંધ કે રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી પાડવા સંબંધે કોઈ દાદ માંગેલી નથી અને તેવી મુખ્ય દાદને જોતાં કોર્ટ ફી જાણી બુઝીને ઓછી ભરપાઈ કરેલી છે. જેથી પણ વાદીનો દાવો રદ થવાને પાત્ર છે.

તેમ જણાવી પ્રતિવાદીઓ આ દાવાની ખરી હકીકત રજુ કરતા જણાવીએ છીએ કે, હાલની આ તકરારી જમીન સર્વે નં.૬૧૨/પૈકી–૧ વાળી જમીન એ. ૧–૧૯ ગુંઠા કુંભાર રૂપા આંબાના ખાતે નોંધાયેલી હતી અને કુંભાર રૂપા આંબાનું મૃત્યુ અંદાજે ૧૯૬૦–૬૧ ની સાલમાં થયેલુ અને તેમના મૃત્યુ બાદ તેમના કાયદેસરના અને સીધીલીટીના વારસદારોમાં વારસદારો નીચે મુજબ હતાં.

કુંભાર રૂપા આંબા ના વારસદારોઃ–સંતોકબેન(પત્ની), ગલાલબેન (પુત્રી) , કુંવરજીભાઈ(પુત્ર), રળિયાતબેન(પુત્રી), તળશીભાઈ(પુત્ર), ગોમતીબેન(પુત્રી), દેવ જીભાઈ(પુત્ર), ગોવિંદભાઈ(પુત્ર), જેઠાભાઈ(પુત્ર), શાંતુબેન (પુત્રી)

ઉપરોકત મુજબના ગુ. રૂપા આંબાના વારસો ગુ. રૂપા આંબાનું મૃત્યુ થતાં બાકી રહેલા હતાં. જેઓ તમામનો હક્ક હીસ્સો હાલની આ તકરારી જમીન રે.સ.નં.૬૧૨/૧ વાળી વડીલોપાર્જીત મીલ્કતમાં દરેકનો સમાન હક્ક હીસ્સો અને અધિકાર આવેલો હતો અને તે પૈકી તમામ વારસદારો પુખ્ત હતા અને તમામ વારસોનો વડીલોપાર્જીત મીલ્કતમાં સમાન હક્ક હીસ્સો આવેલો હતો તેથી સંતોકબેન તે આંબા રૂપાની વિધવાની હાલની આ તકરારી મીલ્કત એકલાની સ્વતંત્ર માલીકીની ન હોય સંતોકબેને આ મીલ્કત

વેચવાનો કોઈ હકક અધિકાર ન હોય સંતોકબેન તે મીલ્કત કોઈને પણ વેચાણ કરેલી નથી. સંતોકબેનના પુત્રો આ મીલ્કતનો વહીવટ કરતા હતાં. આ કામના વાદીઓએ ખોટો અને બોગસ દસ્તાવેજ ઉભો કરેલો છે. કારણ કે હાલની આ તકરારી મિલ્કત સર્વે નં.૬૧૨/૧ ની તે સંતોકબેન તે રૂપા આંબાની વિધવાના નામે આ મિલ્કત રેવન્યુ રેકર્ડમાં નોંધાયેલી નથી અને તેમના જીવનકાળ દરમ્યાન સંતોકબેનને હાલની તકરારી મીલ્કત મળેલી નથી તેથી વાદીઓને સંતોકબેને દસ્તાવેજ કરી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ કામના વાદીઓએ ખોટો અને બોગસ દસ્તાવેજ ઉભો કરી તેમના કબજામાં રાખેલો છે અને અન્ય દસ્તાવેજની નકલ કરી ખોટો દસ્તાવેજ ઉભો કરેલો છે. અને વર્ષો સુધી જાણીબુઝીને એન્ટ્રી પડાવેલી નથી અને આ બાબતે વાદીઓ અજ્ઞાન નથી તેમ છતાં પોતાનું અપકૃત્ય સંતોકબેનની હૈયાતીમાં બહાર ન આવે તેવા બદ આશયથી આવો ખોટો બોગસ દસ્તાવેજ તેમની પાસે રાખેલો છે. જેથી આવો બોગસ દસ્તાવેજ રદ થવાને પાત્ર છે. વાદીઓ હાલની આ અમારી જમીનની ચર્તુઃદિશા વાદીઓનો કબજો ન હોય ખોટી રીતે દર્શાવેલી છે. કારણ કે, અમારી જમીનની પૂર્વ બાજુ થોરની વાડ આવેલી નથી કે પશ્ચિમ બાજુ બાવળના ઝાડ પણ આવેલા નથી અને અમારી જમીનના શેઢે હડદડનો સીમાડો લાગુ પડતો નથી તેમજ દક્ષિણ બાજુ નદી આવેલી નથી અને તે રીતે વાદીઓ ખોટી તકરાર ઉભી કરેલી છે. વાદીઓએ આ ખોટો અને બોગસ દસ્તાવેજ કયારે બનાવેલો છે એ અમો જાણતા નથી પરંતુ તે ખોટા દસ્તાવેજના આધારે હાલ જમીનની બજાર કિંમત વધતા અને અમો મોટા ભાગના વારસદારો બહારગામ રહેતા અમારા ભાઈઓ પૈકી (૧) જેઠાભાઈ રૂપાભાઈ (૨) હમીરભાઈ (૩) જગજીવનભાઈ (૪) મંગુબેન વિગેરેનાઓ સંયુક્ત રીતે હાલની આ જમીન વાવે ખેડે છે અને પ્રતિવાદીએ હાલની જમીનમાં કપાસનું વાવેતર કરેલ છે અને હાલમાં પણ કપાસનું વાવેતર ઉભુ છે. આ વાદીઓ ખોટા દસ્તાવેજના આધારે અમારી જમીન પડાવી લેવા માટે છેલ્લા ૬ માસથી પ્રયત્નો કરી રહ્યાછે અને વાદીઓ જાતે ખોટા દસ્તાવેજ ઉભા કરેલા છે અને ગમે તે રીતે અમારી વડીલોપાર્જીત મિલ્કત પડાવી લેવા માંગે છે અને આ વાદીઓ સારી રીતે જાણે છે કે, સ.નં.૬૧૨/૧ ની જમીન સંતોકબેને વેચેલ નથી વાદીઓએ ખરીદેલી નથી તેમ છતાં ખોટા દસ્તાવેજના આધારે વાદીઓ

તેમના દાવા પહેલા અમારી જમીન ઉપર આવેલા અને જણાવેલુ કે, આ જમીન અમોએ ખરીદ કરેલ છે જેથી આ જમીનનો કબજો અમોને સોંપી આપજો નહીંતર ખુન ખરાબા થઈ જશે અને સંતોકબેને આ જમીન વેચેલી છે. આથી અમોએ તે અંગેનો દસ્તાવેજ માંગતા વાદીએ તે દસ્તાવેજ અમોને બતાવેલ નહીં પરંતુ અમોએ જણાવેલું કે, આ અમારી વડીલોપાર્જીત મિલ્કત છે સંતોકબેનને આ મીલ્કત વેચવાનો અધિકાર ન હતો અને સંતોકબેને આ જમીનનું વેચાણ કરેલ નથી જેથી વાદીઓ ખીજાઈ ગયેલા અને માથાભારે માણસો લાવી કબજો પડાવી લેવાની કોશીષ કરી રહયા હતા પરંતુ વાદીઓ કબજો પડાવી લેવામાં સફળ ન થતાં હાલનો આ ખોટો દાવો કરેલ છે. આ કામના વાદીઓએ તેમના દાવાની તારીખના છ માસ અગાઉથી અમો પ્રતિવાદીઓની વડીલોપાર્જીત મિલ્કત પડાવી લેવાની કોશીષ કરતા હોય અને માથાભારે માણસો લાવી અમોને ધાક ધમકી આપતા હોય ખોટા દસ્તાવેજના આધારે ગુનાહિત કૃત્ય કરી રહયા હોય ત્યારથી આ દાવાનું કારણ ઉત્પન્ન થયેલુ છે અને ખોટા દસ્તાવેજ કરી ખોટી હકીકતો જણાવી નામદાર કોર્ટમાં ખોટો દાવો કરેલ હોય તે દાવાના તમામ કારણો સતત ચાલુ હોય અમો પ્રતિવાદીઓને હાલનો આ કાઉન્ટર દાવો કરવાની ફરજ પડેલ છે. આ દાવાનું કારણ આપ નામદાર સાહેબની અદાલતમાં ઉત્પન્ન થયેલુ છે. તેથી કાઉન્ટર દાવાને સમય મર્યાદાનો કોઈ બાદ નડતો નથી અને સમય મર્યાદામાં શરૂ છે. તેમજ દાવાનું કારણ આપ સાહેબની કોર્ટમાં ઉભું થયેલુ છે અને હકુમતનો બાદ નડતો નથી.

અમો પ્રતિવાદીઓનો કાઉન્ટર દાવો ન ડેકલેરેશન અને કાયમી મનાઈ હુકમનો હોય તેની ફીકસ કોર્ટ ફી રૂા. ૨૦૦ તથા બોગસ દસ્તાવેજ નં.૪૨૨ તા.૧૪–૬–૧૯૬૩ ને રદ કરતી દાદ માંગેલી હોય જે દસ્તાવેજની કિંમત રૂ.૮૦૦/– ની કિંમત મુજબ કોર્ટ ફી રૂા.૧૦૦ મળી કુલ કોર્ટ ફી રૂા.૩૦૦/– હજુ છે. અને દાવાનો હકુમતનો આંક સમાન ગણેલ છે.

**તેમ જણાવી આ પ્રતિ દાવો કરી દાદ માંગતા જણાવે છે કે,**

**:અઃ** અમો પ્રતિવાદીની માલીકી કબજા ભોગવટાની ખેતીની જમીન બોટાદના સર્વે નં.૬૧૨/૧ હેઃ૦–૫૯–૬૯ આકારના રૂા.૩.૦૦ વાળી આ કામના

વાદીઓનો કોઈ હકક હિત કે અધિકાર આવેલ નથી તેવું જાહેર કરવા હુકમ કરવા મે.કરશોજી.

**:બઃ** અમો પ્રતિવાદીની માલીકી કબજા ભોગવટાની ખેતીની જમીન બોટાદના સર્વે નં.૬૧૨/૧ હે:૦–૫૯–૬૯ આકારના રૂા.૩.૦૦ વાળી જમીનમાં આ કામના વાદીઓ જાતે કે તેમના નોકર, ચાકર, એજન્ટ, દાડીયા મારફત અમો પ્રતિવાદીઓનો કબજો પડાવે નહીં કે કબજામાં હરકત,અટકાયત કે અંતરાય કરે કરાવે નહીં તેવો અમો પ્રતિવાદીના લાભમાં આ કામના વાદીઓ વિરુધ્ધ કાયમી મનાઈ હુકમ ફરમાવવા મે.કરશોજી.

**:કઃ** અમો પ્રતિવાદીની માલીકી કબજા ભોગવટાની ખેતીની જમીન બોટાદના સર્વે નં.૬૧૨/૧ હે:૦–૫૯–૬૯ આકારના રૂ|.૩.૦૦ વાળી જમીનનો વાદીઓએ કરેલ રજી. વેચાણ દ.અનં. ૪૨૨ તા. ૧૪–૬–૧૯૬૩ વાળો દસ્તાવેજ રદબાતલ અને બોગસ હોય તે દસ્તાવેજને રદ કરવા હુકમ કરવા મે.કરશોજી.

**:ડઃ** અમો પ્રતિવાદીની માલીકી કબજા ભોગવટાની ખેતીની જમીન બોટાદના સર્વે નં.૬૧૨/૧ હે:૦–૫૯–૬૯ આકારના રૂા.૩.૦૦ વાળી જમીનનો રજી.વે.દ. અનં.૪૨૨ તા.૧૪–૬–૧૯૬૩ નો રદબાતલ અને વ્યર્થ હોય આ કામના વાદીઓ જાતે કે તેમના નોકર, ચાકર કે કુલ મુખત્યાર દ્વારા કોઈ પ્રકારે કોઈપણ વ્યકિતને, સંસ્થાને કોઈપણ પ્રકારે વેચાણ, ગીરો, બક્ષીસ કે તબદીલ કરે કરાવે નહીં કે તેવા દસ્તાવેજો આ વાદીઓ કરે કરાવે નહીં તેવો કાયમી મનાઈ હુકમ આપવા મે.કરશોજી.

**:ઈ:** આ કાઉન્ટર દાવાનું તમામ ખર્ચ વાદી પાસેથી પ્રતિવાદીઓને વસુલ અપાવવા હુકમ કરવા મે.કરશોજી.

**:એફ :** ન્યાય અને ઈકવીટીની રૂઈએ મળી શકતી તમામ દાદ અપાવવા મે.કરશોજી.

**૩.)** આ કામના વાદી ***આંક–૩૫*** થી પ્રતિવાદીના ***કાઉન્ટર કલેઈમ*** તથા **મનાઈઅરજીનો જવાબ** આપી જણાવે છે કે, પ્રતિવાદીના કાઉન્ટર કલેઈમમાંની સ્પષ્ટપણે અને કબુલ કર્યા સિવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે તેમજ પ્રતિવાદીના કાઉન્ટર દાવાને એસ્ટોપલના સિધ્ધાંતનો બાધ નડે છે અને જરૂરી પક્ષકારોની ખામીનો બાધ નડે છે તેમજ મીસ જોઈન્ડર અને નોન જોઈન્ડર પાર્ટીનો બાધ નડે છે. વધુમાં પ્રતિવાદીના કાઉન્ટર કલેઈમને લીમીટેશન એકટની જોગવાઈઓનો બાધ નડે છે તેમજ સ્પેશીફીક રીલીફ એકટની જોગવાઈઓનો બાધ નડે છે તેમ જણાવી પ્રતિવાદીના કાઉન્ટર દાવામાંની પેરા નં.૧૩ થી ૨૧ માંની દાદ ખરી નથી અને તેઓને કબુલ મંજુર નથી તેમ જણાવી **<u>ખરી હકીકતે જણાવે છે કે</u>,** ૧૯૬૩ ની સાલમાં સંતોકબેન રણછોડભાઈ તે કુંભાર રૂપાભાઈ આંબાભાઈની વિધવાએ રૂપીયા આઠસો અવેજના મેળવી કુંભાર દેવજીભાઈ રૂપાભાઈ અને કુંભાર ગોવિંદભાઈ રૂપાભાઈની સાક્ષીપણામાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ વાદીઓને કરી આપેલો છે. કુંભાર માલા આંબા અને રૂપા આંબા બંને ભાઈઓ અને બંનેની જોડાજોડની સર્વે નં.૬૧૨ પૈકીની ખેતીની જમીન આવેલી હતી અને રૂપાભાઈ આંબાભાઈનું અવસાન પુર્વે તેમના સંતાનોની રૂબરૂમાં ઘરમેળે સમજુતી થયેલી કે રૂપા આંબાની બીજી ખેતીની જમીન તેમના છોકરાઓના હિસ્સામાં વહેંચી આપેલી અને વાદગ્રસ્ત સર્વે નં.:૬૧૨/૧ ની જમીન રૂપાભાઈ આંબાભાઈએ તેમના વિધવા પત્નીને ખોરાકી માટે કબજામાં આપેલી આ હકીકત રૂપા આંબાના વારસદારોની જાણમાં છે આ સંતોકબેન તેમના પતિના અવસાન પછી અલગ ઘરમાં તેમના સંતાનોથી રહેતા આવેલા અને આ સંતાનો તેમના કુંટુંબ પરીવાર સાથે અલગ રહેતા હતા રૂપાભાઈ આંબાભાઈના ભાઈ માલાભાઈ આંબાભાઈ સર્વે નં.:૬૧૨/૨ ની જમીન તથા સંતોકબેનવાળી જમીન વાવી ખેડતા હતા અને ઉપજ–નિપજનો ભાગ સંતોકબેનને આપતા હતા અને તેમનો નિર્વાહ થતો હતો

પરંતુ માલાભાઈ આંબાભાઈએ તેમની જમીન વાદીના વડીલોએ વેચાણથી આપવાનું નકકી કરેલ ત્યારે આ સંતોકબેને પણ તેમની સ્વતંત્ર, માલિકી, કબજા, ભોગવટાની જમીન સર્વે નં.:૬૧૨/૨ નો સાથો સાથ અવેજની રકમ મેળવી દસ્તાવેજ કરી આપેલ છે આ દસ્તાવેજમાં વકિલ ગૌરીશંકર રેવાશંકર તથા નાનાભાઈ અ.પરમારની શાખ છે, સહીઓ છે જે દસ્તાવેજ કાયદેસરનો છે કોઈ ફોર્જ દસ્તાવેજ કરવામાં આવેલો નથી, સં તોકબેન આ સર્વે નં.:૬૧૨/૧ ના માલિક મુખત્યાર હોવાનું સ્પષ્ટપણે માનીને તેમના પુત્રો ગોવિંદભાઈ અને દેવજીભાઈ રૂબરૂ કરી આપેલ છે. આ દેવજીભાઈ રૂપાભાઈનું મૃત્યૃ ૨૦૧૩ માં થયું છે અને જે આ હકીકત પ્રતિવાદીઓ સારી રીતે જાણતા હોવા છતાં માત્ર રેવન્યુ રેકર્ડના શરતચુકનો ગેરલાભ લેવા અને નાણાં પડાવવા આ ખોટો કાઉન્ટર કલેઈમ કરેલ છે. પ્રતિવાદીઓને કાયદેસરનું કોઈ કારણ ઉત્પન્ન થયેલું નથી અને પ્ર તિવાદીના દાવાને ડીલે લેચીઝ અને એકવીસીયન્સના સિધ્ધાંતનો બાધ નડે છે તેથી રદ થવાને પાત્ર છે. પ્રતિવાદીના કાઉન્ટર કલેઈમ પારા-૨૨ મુજબ પ્રતિવાદીઓ કોઈ દાદ કે દાદો માંગવા કે મેળવવા હકદાર નથી તેમજ આવી દાદ કાયદેસર મંજુર થઈ શકે તેમ નથી તેથી રદ કરવા અને વાદીઓને ખર્ચ તથા ખાસ ખર્ચ અપાવશો.

૪.) આ કામના વાદી તરફથી નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે:-

**મૌખીક પુરાવો**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૮૦ | વાદી લખમણભાઈ થોભણભાઈ દલવાડીનું સરતપાસનું સોગંદનામું |
| ૨. | ૯૪ | કોર્ટ કમિશનર ભરતભાઈ મોતીભાઈ સાંકળીયાની સોગંદ ઉપરની જુબાની |

| | | |
|---|---|---|
| ૩. | ૯૯ | સાહેદ સવશીભાઈ જેસીંગભાઈ જમોડનું સરતપાસનું સોગંદનામું |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | આંક | વિગત | તારીખ |
|---|---|---|---|
| ૧. | ૮૪ | વેચાણ દસ્તાવેજ અ.નં.૪૨૩ ની કંપેર કોપી | ૨૧/૬/૧૯૬૩ |
| ૨. | ૮૫ | વેચાણ દસ્તાવેજ અ.નં.૪૨૨ ની કંપેર કોપી | ૨૧/૬/૧૯૬૩ |
| ૩. | ૯૫ | કમિશનરે કરેલ પક્ષકારોને નોટિસ | – |
| ૪. | ૯૬ | પંચ રોજકામ | – |
| ૫. | ૯૭ | રફ સ્કેચ નકશો | – |

વધુમાં વાદી તરફે આંક–૧૦૦ થી વાદીના પુરાવાનું સોગંદનામું ડીસ્કાર્ડ કર્યા બાદ મારા પુરોગામી દ્વારા વાદીનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**૫.)** પ્રતિવાદી તરફે નીચે મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ છે:–

**<u>મૌખીક પુરાવો</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૫૬ | સાહેદ કુલદિપસિંહ રાજેન્દ્રસિહ બારડની સોગંદ ઉપરની જુબાની |
| ૨. | ૧૭૯ | પ્રતિવાદી મનુભાઈ જેઠાભાઈનું સરતપાસનું સોગંદનામું |

## દસ્તાવેજી પુરાવો

| ક્રમ | આંક | વિગત | તારીખ |
|---|---|---|---|
| ૧ | **૧૫૮** | વારસાઈ નોંધ ૪૩૬૦ | – |
| ૨ | **૧૫૯** | દેવીલાબેન તળશીભાઈની કબુલાત | – |
| ૩ | **૧૬૦** | વારસાઈથી નામ દાખલ કરવાની અરજી | – |
| ૪ | **૧૬૧** | ગોમતીબેન રૂપાભાઈ તથા રળીયાતબેને હકક જતો કરેલાની કબુલાત | – |
| ૫ | **૧૬૨** | શાંતાબેન રૂપાભાઈ તથા ગલાલબેન રૂપાભાઈએ હકક જતો કરેલાની કબુલાત | – |
| ૬ | **૧૬૩** | કલમ–૧૩૫ ડી ની નોટિસની ખરી નકલ | – |
| ૭ | **૧૬૪** | કલમ–૧૩૫ ડી ની નોટિસની ખરી નકલ | – |
| ૮ | **૧૬૫** | ગામ નમુના નં.૭ ની ખરી નકલ | – |
| ૯ | **૧૬૬** | ગામ નમુના નં.૮–અ ની ખરી નકલ | – |
| ૧૦ | **૧૬૭** | ગામ નમુના નં.૧૨ ની ખરી નકલ | – |
| ૧૧ | **૧૬૮** | હકકપત્રક નોંધ નં.૧૨૧૨૧ | – |
| ૧૨ | **૧૬૯** | હકકપત્રક નોંધ નં.૧૪૬૩૮ | – |
| ૧૩ | **૧૭૦** | હકકપત્રક નોંધ નં.૧૪૮૫૬ | – |
| ૧૪ | **૧૭૧** | હકકપત્રક નોંધ નં.૧૫૦૧૦ | – |
| ૧૫ | **૧૭૨** | હકકપત્રક નોંધ નં.૧૫૫૫૭ | – |
| ૧૬ | **૧૭૩** | ગામ નમુના નં.૭ ની ખરી નકલ | – |
| ૧૭ | **૧૭૪** | ગામ નમુના નં.૮–અ ની ખરી નકલ | – |

| | | | |
|---|---|---|---|
| ૧૮ | **૧૭૫** | ગામ નમુના નં.૧૨ ની ખરી નકલ | – |
| ૧૯ | **૧૭૬** | નોંધ નં.૧૬૪૨૫ | – |
| ૨૦ | **૧૭૭** | નોંધ નં.૧૬૫૯૬ | – |
| ૨૧ | **૧૮૨** | ગોવિંદભાઈ રૂપાભાઈનું ચુંટણીકાર્ડ | ખરી નકલ |
| ૨૨ | **૧૮૩** | ગોવિંદભાઈ રૂપાભાઈનું મરણનો દાખલો | ખરી નકલ |
| ૨૩ | **૧૮૪** | ગોવિંદભાઈ રૂપાભાઈનું પાનકાર્ડ | ખરી નકલ |
| ૨૪ | **૧૮૫** | જેઠાભાઈ રૂપાભાઈનું ચુંટણીકાર્ડ | ખરી નકલ |
| ૨૫ | **૧૮૬** | જેઠાભાઈ રૂપાભાઈનો મરણનો દાખલો | ખરી નકલ |
| ૨૬ | **૧૮૭** | દામોદરભાઈ જેઠાભાઈનો જન્મનો દાખલો | ખરી નકલ |
| ૨૭ | **૧૮૮** | મનુભાઈ જેઠાભાઈનો જન્મનો દાખલો | ખરી નકલ |
| ૨૮ | **૧૮૯** | રંજનબેન જેઠાભાઈનો જન્મનો દાખલો | ખરી નકલ |
| ૨૯ | **૧૯૦** | દેવજીભાઈ રૂપાભાઈનું ચુંટણી કાર્ડ | ખરી નકલ |
| ૩૦ | **૧૯૧** | દેવજીભાઈ રૂપાભાઈનું મરણનો દાખલો | ખરી નકલ |
| ૩૧ | **૧૯૨** | હમીરભાઈ દેવજીભાઈનું ચુંટણી કાર્ડ | ખરી નકલ |
| ૩૨ | **૧૯૩** | હમીરભાઈ દેવજીભાઈનો જન્મનો દાખલો | ખરી નકલ |
| ૩૩ | **૧૯૪** | જગજીવનભાઈ દેવજીભાઈનો જન્મનો દાખલો | ખરી નકલ |
| ૩૪ | **૧૯૫** | જગજીવનભાઈ દેવજીભાઈનું ચુંટણી કાર્ડ | ખરી નકલ |
| ૩૫ | **૧૯૬** | મંગળાબેન દેવજીભાઈનો જન્મનો દાખલો | ખરી નકલ |
| ૩૬ | **૧૯૭** | મંગળાબેન દેવજીભાઈનું ચુંટણી કાર્ડ | ખરી નકલ |
| ૩૭ | **૧૯૮** | પીતાંબરભાઈ તળશીભાઈનો મરણનો દાખલો | ખરી નકલ |

| | | | |
|---|---|---|---|
| ૩૮ | **૧૯૯** | પીતાંબરભાઈ તળશીભાઈનું આધાર કાર્ડ | ખરી નકલ |
| ૩૯ | **૨૦૦** | ધીરુભાઈ તળશીભાઈનું શાળા છોડયાનું પ્રમાણપત્ર | ખરી નકલ |
| ૪૦ | **૨૦૧** | ધીરુભાઈ તળશીભાઈનું આધાર કાર્ડ | ખરી નકલ |
| ૪૧ | **૨૦૨** | ધીરુભાઈ તળશીભાઈનું ચુંટણી કાર્ડ | ખરી નકલ |
| ૪૨ | **૨૦૩** | બાબુભાઈ તળશીભાઈનો શાળા છોડયાનું પ્રમાણપત્ર | ખરી નકલ |
| ૪૩ | **૨૦૪** | બાબુભાઈ તળશીભાઈનું ચુંટણી કાર્ડ | ખરી નકલ |
| ૪૪ | **૨૦૫** | બાબુભાઈ તળશીભાઈનું આધાર કાર્ડ | ખરી નકલ |
| ૪૫ | **૨૦૬** | લીલાબેન તળશીભાઈનો મરણનો દાખલો | ખરી નકલ |
| ૪૬ | **૨૦૭** | પ્રકાશભાઈ પોપટલાલનો શાળા છોડયાનું પ્રમાણપત્ર | ખરી નકલ |
| ૪૭ | **૨૦૮** | પ્રકાશભાઈ પોપટલાલનું આધાર કાર્ડ | ખરી નકલ |
| ૪૮ | **૨૦૯** | પ્રકાશભાઈ પોપટલાલનું ચુંટણી કાર્ડ | ખરી નકલ |
| ૪૯ | **૨૧૦** | જીતેન્દ્દભાઈ પોપટલાલનો શાળા છોડયાનું પ્રમાણપત્ર | ખરી નકલ |
| ૫૦ | **૨૧૧** | જીતેન્દ્દભાઈ પોપટલાલનું ચુંટણી કાર્ડ | ખરી નકલ |
| ૫૧ | **૨૧૨** | જીતેન્દ્દભાઈ પોપટલાલનું આધાર કાર્ડ | ખરી નકલ |
| ૫૨ | **૨૧૩** | રાજેશભાઈ પીતાંબરભાઈનો શાળા છોડયાનું પ્રમાણપત્ર | ખરી નકલ |
| ૫૩ | **૨૧૪** | રાજેશભાઈ પીતાંબરભાઈનું આધાર કાર્ડ | ખરી નકલ |
| ૫૪ | **૨૧૫** | રાજેશભાઈ પીતાંબરભાઈનું ચુંટણી કાર્ડ | ખરી નકલ |
| ૫૫ | **૨૧૬** | શાંતાબેન પીતાંબરભાઈનું આધાર કાર્ડ | ખરી નકલ |
| ૫૬ | **૨૧૭** | શાંતાબેન પીતાંબરભાઈનું ચુંટણી કાર્ડ | ખરી નકલ |
| ૫૭ | **૨૧૮** | હસમુખભાઈ પીતાંબરભાઈનો શાળા છોડયાનું પ્રમાણપત્ર | ખરી નકલ |

| | | | |
|---|---|---|---|
| ૫૮ | **૨૧૯** | લાભુબેન ગોવિંદભાઈનો શાળા છોડયાનું પ્રમાણપત્ર | ખરી નકલ |
| ૫૯ | **૨૨૦** | લાભુબેન ગોવિંદભાઈનું ચુંટણી કાર્ડ | ખરી નકલ |
| ૬૦ | **૨૨૧** | લાભુબેન ગોવિંદભાઈનું આધાર કાર્ડ | ખરી નકલ |
| ૬૧ | **૨૨૨** | ગોરધનભાઈ ગોવિંદભાઈનો શાળા છોડયાનું પ્રમાણપત્ર | ખરી નકલ |
| ૬૨ | **૨૨૩** | ગોરધનભાઈ ગોવિંદભાઈનું આધાર કાર્ડ | ખરી નકલ |
| ૬૩ | **૨૨૪** | ગોરધનભાઈ ગોવિંદભાઈનું ચુંટણી કાર્ડ | ખરી નકલ |
| ૬૪ | **૨૨૫** | નીતાબેન ગોવિંદભાઈનો શાળા છોડયાનું પ્રમાણપત્ર | ખરી નકલ |
| ૬૫ | **૨૨૬** | નીતાબેન ગોવિંદભાઈનું ચુંટણી કાર્ડ | ખરી નકલ |
| ૬૬ | **૨૨૭** | નીતાબેન ગોવિંદભાઈનું આધાર કાર્ડ | ખરી નકલ |
| ૬૭ | **૨૨૮** | હરેશભાઈ કાન્તીભાઈનો શાળા છોડયાનું પ્રમાણપત્ર | ખરી નકલ |
| ૬૮ | **૨૨૯** | હરેશભાઈ કાન્તીભાઈનું આધાર કાર્ડ | ખરી નકલ |
| ૬૯ | **૨૩૦** | હરેશભાઈ કાન્તીભાઈનું ચુંટણી કાર્ડ | ખરી નકલ |
| ૭૦ | **૨૩૧** | હંસાબેન ગોવિંદભાઈનો શાળા છોડયાનું પ્રમાણપત્ર | ખરી નકલ |
| ૭૧ | **૨૩૨** | દિલીપભાઈ પોપટભાઈનો શાળા છોડયાનું પ્રમાણપત્ર | ખરી નકલ |
| ૭૨ | **૨૩૩** | દિલીપભાઈ પોપટભાઈનું ચુંટણી કાર્ડ | ખરી નકલ |
| ૭૩ | **૨૩૪** | દિલીપભાઈ પોપટભાઈનું આધાર કાર્ડ | ખરી નકલ |
| ૭૪ | **૨૩૫** | લીલાબેનનો પેઢી આંબો | ખરી નકલ |
| ૭૫ | **૨૩૬** | નોંધ નં.૪૩૬૦ | ખરી નકલ |

વધુમાં પ્રતિવાદી તરફે ***આંક-૨૩૮*** થી ***કલોઝીગ પુરસીસ*** રજુ કરી પોતાનો પુરાવો બંધ રાખેલ છે.

**૬.)** **વાદી** તરફે વિ.વ.શ્રી **સી.આર.મહેતા** તથા **પ્રતિવાદી** તરફે વિ.વ.શ્રી **આર.સી. પ્રજાપતિ** નાઓની મૌખીક રજુઆત સાંભળી.

વધુમાં પ્રતિવાદી તર્ફે નામદાર ઉચ્ચ અદાલતના (૧) ૨૦૧૧ (૦)એ.આઈ.જે.ઈ.એલ.એચ.સી.૫૦૪૫૭ સુરજલેંપ એન્ડ ઈન્ડ.પ્રા.લી.વિરુધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા (૨) એ.આઈ.આર.૧૯૯૮ કેરાલા ૨૪– મનીયમકાંડી કુન્નીરમન અને બીજાઓ વિરુધ્ધ માછીપરંબાથ વનજા અને બીજાઓ (૩) પવનકુમાર એન્ડ ગંગાબીશન ગુપ્તા વિરુધ્ધ ફાયનાશીયલ કમિશ્નર–૧૦૭ (૨૦૦૩) ડી.એલ.ટી.૭૨૬ (૪) રતેન્દ્રકુમાર વિરુધ્ધ ક્રયનીરીક્ષક હાથરસ જંકશન અને બીજાઓ(સે.અ.૭૪૫/૨૦૧૮) (૫) સાગરનગર રીટાયર્ડ લેઆઉટ પ્લોટ ઓનર અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ (રીટ પીટીશન નં.૪૯૪૮/૨૦૨૩) (૬)મહેશીલાલ વર્મા વિરુધ્ધ દર્શનુદેવી અને બીજાઓ (૨૦૨૫).

**૭.)** આ દાવાના ન્યાયિક નિકાલ માટે મારા પુરોગામી ન્યાયાધીશ શ્રી દ્વારા ***આંક–૫૮*** થી નીચે મુજબના મુદ્દાઓ મુકરર કરેલા છે.

**:– <u>મુદ્દાઓ</u> :–**

(૧) શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી જમીનો વેચાણ દસ્તાવેજથી દાવા અરજીની હકીકતને રાખેલ છે તેમજ વાદીઓના કબજા ભોગવટાવાળી આવેલ છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે દાવાઅરજી પારા ૨ ની હકીકતો દાવાવાળી જમીનો વહેચાયેલ છે અને તે મુજબના હીસ્સા આાવેલ છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી જમીનો સ.નં.૬૧૨/૨ એ.૧–૩૭ ગુંઠા તથા સ.નં. ૬૧૨/૩ એ. ૩– ૧૮ ગુંઠાવાળી રેવન્યુ રેકર્ડમાં વાદીઓના નામે ચાલે છે ?

(૪) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે લીમીટેશનનો બાધ નડતો હોઈ દાવો રદ થવા પાત્ર છે ?

(પ) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે દાવાને પક્ષકારોની ખામીનો બાધ નડતો હોઈ રદ થવાપાત્ર છે ?

(૬) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે દાવાવાળી મિલકત સ.નં.૬૧૨/૨ પૈકી ૧ વાળી જમીન એ.૧–૧૯ ગુંઠા કુંભાર રૂપા આંબાના મરણ બાદ પ્રતિવાદીઓના જવાબ આંક–૩૦ પાન નં.૭ પારા–૧૩ માં જણાવ્યા મુજબના વારસોના હકક હીસ્સાની આવેલ છે ?

(૭) શું પ્રતિવાદી તેમના જવાબ આંક–૩૦ માં જણાવ્યા મુજબ કાઉન્ટર દાદોરૂપી મનાઈ હુકમ મેળવવા હકદાર છે ?

(૮) શું વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે ?

(૯) શું હુકમ અને હુકમનામું ?

ઉપરોક્ત તમામ મુદ્દાઓના મારા જવાબ તથા કારણો નીચે મુજબ છે :–

**મુદ્દા નં. ૧ – નકારમાં,**

**મુદ્દા નં. ૨ – નકારમાં,**

**મુદ્દા નં. ૩ – નકારમાં,**

**મુદ્દા નં. ૪ – હકારમાં,**

**મુદ્દા નં. પ – હકારમાં,**

**મુદ્દા નં. ૬ – નકારમાં,**

**મુદ્દા નં. ૭ – નકારમાં,**

**મુદ્દા નં. ૮ – નકારમાં,**

**મુદ્દા નં. ૯ – આખરી હુકમ મુજબ...**

## -: કારણો :-

**૮.) મુદ્દા નં. ૧:-**

આ કામે વાદીઓ તરફે વિ.વ.શ્રી મૌખીક રજુઆતમાં જણાવે છે કે, દાવાવાળી મીલકત વાદીને રજી.વેચાણ દસ્તાવેજથી અને અવેજની રકમ આપી પ્રાપ્ત થયેલ છે અને ત્યારબાદ વારસાઈથી તેઓને મળેલ છે ત્યારથી દાવાવાળી મીલકત પરત્વે વાદી કબજો ધરાવે છે અને વાદી દાવાવાળી મીલકતમાં ખેતીકામ કરી ઉપજ-નિપજ મેળવતા હોય વાદી ધ્વારા દાવાવાળી મીલકત કબજો અને ભોગવટો ધરાવે છે.

પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી તેમની રજુઆતમાં જણાવે છે કે વાદી જે રૂપા આંબાની વિધવા સંતોકબેન અંગેની વાત જણાવી આંક-૮૫ વાળા દસ્તાવેજ થયાની વાત કરે છે તે દસ્તાવેજ કરવાનો ગુ. સંતોકબેનને કોઈ હકક નથી અને કોર્ટ કમીશનરના પંચનામામાં પણ દાવાવાળી મીલકતમાં વાદી ખેતી કરે છે કે કબજો છે તેવી કોઈ હકીકત આવેલ નથી પરંતુ અન્ય મીલકતનું પંચનામું કરેલ છે ત્યારે વાદી દાવાવાળી મીલકત પરત્વે કોઈ માલકી કે કબજો ધરાવતા હોય તેવી કોઈ હકીકત સાબીત કરતા ન હોય વાદીનો દાવો નામંજુર કરી પ્રતિવાદીનો કાઉન્ટર દાવો મંજુર કરવો જોઈએ.

આ કામે બંને પક્ષકારોની રજુઆતો સાંભળી. આ કામે વાદી મુખ્યત્વે આંક-૮૪ તથા આંક-૮૫ વાળા દસ્તાવેજને આધારે દાવાવાળી મીલકત પરત્વે રજી.વેચાણ દસ્તાવેજથી કબજો ધરાવે છે તેવી હકીકત જણાવી હાલનો દાવો કરેલ છે ત્યારે આં ક-૮૪ વાળો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ વંચાણે લેવામાં આવે તો ખરીદનાર તરીકે દલવાડી થોભણ મોના તથા દલવાડી કરમશી મોના અને કુંભાર માલા આંબા પાસેથી સ.નં.૬૧૨/૨ તથા સ.નં.૬૧૨/૩ વાળી મીલકત રજીસ્ટર્ડ વેચાણથી ખરીદેલ છે તેવી હકીકત જણાઈ આવે છે. આ કામે પ્રતિવાદી મનુભાઈ જેઠાભાઈની આંક-૧૭૯ ની જુબાનીમાં તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, એ વાત ખરી છે કે માલાભાઈ

આંબાભાઈએ સને–૧૯૬૩ માં સર્વે નં.૬૧૨/૨ ની જમીન એકર ૧ અને ૩૭ ગુંઠા આ કામના વાદીઓને રજી.વેચાણ દસ્તાવેજથી આપેલી. એ વાત ખરી છે કે આ સર્વે નં.૬૧ ૨/૨ વાળી વેચાણ દસ્તાવેજવાળી વાદીઓના નામે રેવન્યુ રેકર્ડમાં છે. વાદી ધ્વારા દાવાવાળી મીલકત સ.નં.૬૧૨/૨ તથા સ.નં.૬૧૨/૩ વાળી મીલકત પરત્વે તેઓની નોંધ રેવન્યુ રેકર્ડમાં થયેલ છે તેવી હકીકત જણાવે છે પરંતુ તે અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ નથી. વધુમાં પ્રતિવાદી તરફે પણ આ અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ નથી તેમજ ઉપરોકત હકીકત અંગે વાદી તેમની દાવાઅરજી કે પ્રતિવાદી તેમના કાઉન્ટર દાવામાં કોઈ દાદ માંગેલ નથી ત્યારે બોટાદના રે.સ.નં.૬૧૨/૨ અને ૬૧૨/૩ અન્વયે કોઈપણ પક્ષકાર ધ્વારા દાવાવાળી મીલકત પરત્વે કોઈ દાદ માંગેલ ન હોય ત્યારે આવી દાદ આપી શકાય નહિ. વધુમાં વાદી તેમજ પ્રતિવાદી તરફે બોટાદના રે.સ.નં.૬૧ ૨/૧ અંગેની તકરાર છે અને તેનો કબજો વાદીનો છે અને પ્રતિવાદી તરફે કાઉન્ટર દાવામાં પ્રતિવાદી દાવાવાળી મીલકત સ.નં.૬૧૨/૧ નો પ્રત્યક્ષ કબજો ધરાવે છે અને અને જે દસ્તાવેજ થયેલ છે તે દસ્તાવેજ કરવાનો સંતોકબેન રણછોડ તે કુંભાર રૂપા આંબાની વિધવાને આંક–૮૫ થી સને–૧૯૬૩ માં થયેલ રજી.વેચાણ દસ્તાવેજ કે જે થોભણ મોના તથા દલવાડી કરમશી મોના વચ્ચે થયેલ છે તે કરવાનો તેઓને કોઈ અધીકાર નથી તેમ જણાવી દસ્તાવેજ રદ કરવાની દાદ માંગેલ છે.

આમ, ઉપરોકત બંને દસ્તાવેજ થયેલ છે તે સને–૧૯૬૩ માં થયેલ છે એટલે કે ૫૦ વર્ષ પહેલાના દસ્તાવેજ છે. વાદી તેમની આંક–૮૦ વાળી ઉલટતપાસમાં એવી હકીકત કબુલ રાખે છે કે એ વાત ખરી છે કે માલા આંબાની જમીન અંગેનો દસ્તાવેજ આંક–૮૪ થી રજુ થયેલ છે તે તેમજ આંક–૮૫ વાળો દસ્તાવેજ બંને એક જ દિવસે થયેલ છે. આંક–૮૫ વાળો સંતોકબેન વાળી જમીન માલાભાઈ આંબાભાઈ ખેડતા એવો કોઈ લેખીત આધાર પુરાવો મે આ કામે રજુ કરેલ નથી કે અમારી પાસે નથી. વધુમાં

દાવાવાળી મીલકત પરત્વે વાદી કબજો અને માલીકી ઘરાવે છે તે લગત પંચનામું કરાવવામાં આવેલ છે જે લગત આંક–૮૦ ની વાદીની ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે એ વાત ખરી છે કે હાલના દાવામાં કોર્ટ કમિશનરશ્રીએ સ્થળ ઉપર આવી પંચનામું કરેલ છે અને તે સાથે નકશો પણ બનાવેલ છે. એ વાત ખરી છે કે કોર્ટ કમિશનરના આ પંચનામા માં આંક–૮૪ અને આંક–૮૫ ના દસ્તાવેજમાં જણાવેલ સર્વે નંબરો જણાવવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે દાવામાં અમોએ જે સ્થળસ્થીતી અને ચર્તુદિશા બતાવી છે તે જગ્યાનો આ નકશો કે પંચનામું નથી ત્યારે આ કામે પંચનામું એ કોઈ માલીકી અંગેનો પુરાવો નથી પરંતુ તેનાથી સ્થળસ્થીતી જાણી શકાય છે ત્યારે વાદી ખુદ તેમની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખતા હોય કે જે પંચનામું કરવામાં આવેલ છે તે દાવાવાળી મીલકત સંબંઘનું નથી ત્યારે આંક–૯૬ વાળું પંચ રોજકામ ઘ્યાને લેતા કોર્ટ કમિશનર ઘ્વારા જે પંચનામું કરેલ છે તે કોઈ અન્ય મીલકતનું પંચનામું કરેલ છે અને ઉકત પંચનામાં વખતે પ્રતિવાદીએ તેમાં સહી કરેલ નહિ અને સ્થળ ઉપરથી જતા રહેલ તેવી હકીકત જણાઈ આવે છે.

વઘુમાં સ.નં.૬૧૨/૧ વાળી દાવાવાળી મીલકત પરત્વે વાદી કબજો ઘરાવતા હોય તો દાવાવાળી મીલકત પરત્વે જે સ્થળસ્થીતી તેમજ ચર્તુદિશા છે તે મુજબની હકીકત રેકર્ડ ઉપર આવી શકે તેમ હતી પરંતુ ચર્તુદિશા અલગ અલગ જણાઈ આવે છે. ત્યારબાદ વાદી તરફે ફરીથી દાવાવાળી મીલકત પરત્વે બીજું પંચનામું કરવા માટે અરજી આપેલ નથી ત્યારે વાદી દાવાવાળી મીલકત પરત્વે કબજો ઘરાવતા હોય તેવી હકીકત સાબીત કરતા નથી.

વઘુમાં વાદી ઘ્વારા આંક–૮૫ વાળા દસ્તાવેજ થયેલ ત્યારથી દસ્તાવેજના આઘારે રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી પડાવવા માટે કોઈ કાર્યવાહી કરેલ નથી તેમજ એન્ટ્રી પડાવવા માટે પ્રતિવાદીઓને કોઈ નોટીસ આપેલ હોય તેવી હકીકત તેમની આંક–૮૦

વાળી ઉલટતપાસમાં સ્વીકારે છે. વધુમાં વાદી તરફે આંક–૧૬૫ થી આંક–૧૭૨ સુધીના રેવન્યુ રેકર્ડ રજુ રાખેલ છે પરંતુ રેવન્યુ રેકર્ડ એ માલીકી અંગેનો ફીઝીકલ પુરાવો નથી અને પ્રતિવાદી તરફે તેમના કાઉન્ટર દાવામાં સ.નં.૬૧૨/૧ વાળી મીલકત સને–૧૯૬૩ થી વેચાણ દસ્તાવેજ થયેલ અને ખોટી રીતે વેચાણ કરેલ હોય તો ઉકત હકીકત જાણતા હોવા છતાં વાદીઓ વિરુધ્ધ કોઈ કાર્યવાહી કરેલાનું જાણાતું નથી. આમ, પ્રતિવાદી કબજો ધરાવતા હોય તેવી હકીકત જણાતી નથી ત્યારે વાદી ધ્વારા રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા વાદી દાવાવાળી મીલકત પરત્વે પ્રત્યક્ષ કબજો કે માલીકી ધરાવે છે તેવી હકીકત સાબીત કરતા ન હોય **મુદ્દા નં.૧** નો જવાબ આથી **નકારમાં** ઠરાવવામાં આવે છે.

૯.) <u>**મુદ્દા નં. ૨:–**</u>

આ કામે વાદી તરફે દાવાવાળી મીલકત પરત્વે આંક–૮૪ તથા આંક–૮૫ વાળી મીલકત રે.સ.નં.૬૧૨/૨, ૬૧૨/૩ તથા ૬૧૨/૧ વાળી મીલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રજુ રાખેલ છે. વધુમાં વાદી તેમની દાવાઅરજીમાં મોનાભાઈ નરશીભાઈના વારસદારોએ ખેતીની જમીન વહેચણી કરતા ગુ.થોભણભાઈ, ઓઘડભાઈ, ગુ.વશરામભાઈ અને કરમશીભાઈના હીસ્સામાં સ.નં.૬૧૨ વાળી મીલકત આવેલ છે તેવી હકીકત જણાવે છે જે લગત વાદી તેમની દાવાઅરજીના પેરા નં.૧ માં જ એવી હકીકત જણાવે છે કે, ૧૯૬૩ માં દલવાડી થોભણ મોના અને દલવાડી કરમશી મોનાના સંયુકત નામો બોટાદની સીમના સર્વે નં:૬૧૨/૧ એ:૧–૧૯ ગુઠા રજી.વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં:૪૨૨,તારીખ:૧૪/૦૬/૧૯૬૩ના રોજ કુંભારણ બાઈ સંતોકબેન રણછોડભાઈ તે કુંભાર રૂપાભાઈ આંબાભાઈની વીધવા પાસેથી વેચાણથી રાખેલ તેમજ સ.નં:૬૧૨/૨ની એ:૧–૩૭ ગુઠા તથા સ.નં:૬૧૨/૩ની એ:૩–૧૮ ગુઠાની સંયુક્ત જમીન રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં૪૨૩ તા:૧૪/૬/૧૯૬૩ના રોજ કુંભાર

માલાભાઈ આંબાભાઈ પાસેથી દલવાડી થોભણભાઈ મોનાભાઈ તથા કરમશીભાઈ મોનાભાઈએ વેચાણ લીધેલ છે.

પ્રતિવાદીની આંક–૧૭૯ ની ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે હું મારા સરતપાસમાં સર્વે નં.૬૧૨ વાળી જે જમીન દર્શાવેલી છે તે મુળ જમીન રૂપાભાઈ આંબાભાઈની હતી એટલે રૂપાભાઈ અને આંબાભાઈએ સર્વે નં.૬૧૨ ના બે ભાગ પાડેલા તેવી હકીકત જણાવે છે પરંતુ આ અંગેના કોઈ આધાર પુરાવા રજુ રાખેલ નથી. વધુમાં દાવાવાળી મીલકત કે જે સને–૧૯૬૩ માં ખરીદવામાં આવેલ છે તે મોનાભાઈ નરશીભાઈ ખરીદેલ નથી એટલે કે મોનાભાઈ નરશીભાઈની વડીલોપાર્જીત મીલકત હોય તેવી હકીકત જણાતી નથી કેમકે જો મોનાભાઈ નરશીભાઈની વડીલોપાર્જીત હોય તો તેમના તમામ દીકરાના ભાગમાં સરખે હિસ્સે મીલકતના હિસ્સા પાડી શકાય અને તે અંગેની રેવન્યુ રેકર્ડમાં નોંધ પડેલ હોવી જોઈએ પરંતુ દાવાવાળી મીલકત વારસાઈથી આવેલ હોય તેવી હકીકત સાબીત થતી નથી કે રજી.વેચાણ દસ્તાવેજ થયા બાદ તમામ સહ–હિસ્સેદારના ભાગમાં સરખે હિસ્સે આવેલ હોય તેવી હકીકત સાબીત થતી ન હોય **મુદ્દા નં.૨** નો જવાબ આથી **નકારમાં** ઠરાવવામાં આવે છે.

**૧૦.) મુદ્દા નં. ૩ :–**

આ કામે વાદી તેમની દાવાઅજીમાં જણાવ્યા મુજબ સ.નં.૬૧૨/૨ તથા સ.નં.૬૧ ૨/૩ વાળી મીલકતના માલીક અને કબેજદાર છે તેવી હકીકત જણાવી દાવાવાળી મીલકતનો કબજો ધરાવે છે તે રીતે ડેકલેરેશનનો દાવો કરેલ છે પરંતુ વાદી ધ્વારા આંક–૮૪ વાળો રજીસ્ટર્ડ દસ્તાવેજ કર્યા બાદ પણ વાદી કબજેદાર હોય તે રીતના કોઈ રેવન્યુ રેકર્ડમાં નોંધ પડાવેલ હોય કે આ અંગેની કોઈ અરજી આપેલ હોય તેવી હકીકત વાદી જણાવતા નથી. વધુમાં વાદીની આંક–૮૦ થી પ્રતિવાદી તરફેની ઉલટતપાસમાં એ

હકકીત સ્વીકારે છે કે એ વાત ખરી છે કે કોઈ વ્યકિત દસ્તાવેજ કરે તો તેની એન્ટ્રી સરકારમાં કરવી પડે. એ વાત ખરી છે કે કરમશીભાઈ મોનાભાઈએ દસ્તાવેજના આધારે એન્ટ્રી કરાવી આપવા માટે કયારેય કોઈ દાવો કરેલ નથી. એ વાત ખરી છે કે માલા આંબા પાસેથી જે જમીન અમોએ રાખેલી છે તે આંક–૮૪ વાળા દસ્તાવેજની એન્ટ્રી એટલે કે રેવન્યુ નોંધ અમોએ જે તે વખતે કરાવી લીધેલ છે. એ વાત ખરી છે કે આંક–૮૪ અને આંક–૮૫ વાળા દસ્તાવેજ વાળી બંને રેવન્યુ સર્વે નંબર વાળી જમીનમાં રેકર્ડમાં અમારી નોંધ હોય તેવો પણ કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી. આમ વાદી ધ્વારા આંક–૮૪ વાળા દસ્તાવેજની રજી.વેચાણ થયા બાદ પણ રેવન્યુ રેકર્ડમાં નોંધ અંગેની કોઈ કાર્યવાહી કરેલ નથી.

વધુમાં કોઈપણ વ્યકિત કે જેમાં ખેતીની જમીન કે અન્ય મીલકત હોય તો જયારે આ અંગેનો દસ્તાવેજ થાય ત્યારે તેની નોંધણી સંબંધીત કચેરીમાં કરાવતા હોય છે પરંતુ વાદી ધ્વારા સને–૧૯૬૩ માં દસ્તાવેજની નોંધણી થયા બાદ સ.નં.૧૬૨/૨, ૧ ૬૨/૩ વાળી મીલકત સબંધે આશરે ૫૦ વર્ષ ઉપરાંત કોઈ નોંધ પડાવેલ નથી કે આવી કોઈ અરજી આપેલ હોય તેવી હકીકત પણ સાબીત કરતા નથી. આમ, વાદી તરફે માત્ર આંક–૮૪ તથા આંક–૮૫ વાળા રજી.વેચાણ દસ્તાવેજને આધારે દાવો કરેલ છે પરંતુ મીલકતનું હસ્તાંતર થયેલ છે કે કેમ તેવી કોઈ હકીકત સાબીત કરતા ન હોય ત્યારે **મુદા નં.3** નો જવાબ આથી **નકારમાં** ઠરાવવામાં આવે છે.

**૧૧.) મુદ્દા નં. ૪:–**

પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી તેમની રજુઆતમાં જણાવે છે કે આંક–૮૪ તથા આંક–૮૫ વાળા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ધ્યાને લેતા ઉપરોકત દસ્તાવેજો સને–૧૯૬૩ માં થયેલા છે અને ત્યાંથી ધણવામાં આવે તો ૫૦ વર્ષ

ઉપરાંતનો સમય થઈ ગયેલ હોવા છતાં વાદીઓ ધ્વારા દસ્તાવેજના આધારે પણ કોઈ રેવન્યુ રેકર્ડમાં નામ ચઢાવેલ નથી કે આ અંગેની કોઈ કોશીશ કરેલ નથી તેમજ વાદી પોતાની જુબાનીમાં જ એવી હકીકત જણાવતા હોય કે દસ્તાવેજ થયેલ ત્યારે તેઓ ૧૩ વર્ષના હતા ત્યારે તેઓને દસ્તાવેજ થયેલાની જાણ ન હોય તે હકીકત માનવાલાયક નથી ત્યારે વાદીના દાવાને લીમીટેશનનો બાધ નડતો હોય વાદીનો દાવો નામંજુર કરવો જોઈએ.

આ કામે વાદી તેમની રજુઆતમાં જણાવે છે કે વાદીએ પ્રતિવાદીના વડીલો પાસેથી દાવાવાળી મીલકત પરત્વે રજી.વેચાણ દસ્તાવેજથી અવેજ આપીને ખરીદ કરેલ છે અને તેઓ આ અંગેની હકીકત પ્રતિવાદીઓના વારસોને કહેવા જતા અને સને–૨૦૧૩ માં દાવાવાળી મીલકતમાં પ્રતિવાદીઓ ફેરફાર કરવાની કોશીશ કરતા હોય તેઓને જાણ થતા હાલનો દાવો કરેલ છે જેથી વાદીના દાવાને લીમીટેશનનો બાધ નડતો નથી તેવી રજુઆત છે.

આ કામે બંને પક્ષકારોની રજુઆતો સાંભળી. વાદી તરફે રજુ થયેલ આંક–૮૪ તથા આંક–૮૫ વાળા સ.નં.૬૧૨/૨ તથા ૬૧૨/૩ અને ૬૧૨/૧ વાળા દસ્તાવેજ ધ્યાને લેતા ઉપરોકત દસ્તાવેજ વર્ષ ૧૯૬૩ માં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ છે જે હકીકત છે. વધુમાં કોઈપણ દસ્તાવેજ થયેલ હોય અને તે અંગેની જાણ જે તે વ્યકિતને થાય ત્યારથી તેનો દાખલ કરવાનો સમયગાળો ગણી શકાય. વાદી ધ્વારા ૫૦ વર્ષ ઉપરાંતથી દાવાવાળી મીલકત સબબ દસ્તાવેજ થયેલ હોવા છતાં તે અંગે શાંત રહેલ છે અને કોઈ રેવન્યુ રેકર્ડમાં તેમનું નામ નોંધાવવાની કોશીશ કરેલ નથી. વધુમાં વાદીનો હાલનો દાવો ડેકલેરેશન અંગેનો હોય અને વાદી તેમની દાવાઅરજીમાં જ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદેલ હોય જેથી પ્રતિવાદીઓને દાવાવાળી મીલકત પરત્વે રજી.વેચાણ દસ્તાવેજ કે અન્યને ટ્રાન્સફર કરવાનો કોઈ અધીકાર નથી તેવું

ઠરાવવાની દાદ માંગેલ છે ત્યારે સમયમર્યાદાની કલમ–૫૮ ધ્યાને લેવામાં આવે તો ડેકલેરેશન અંગેનો દાવો સામાન્ય રીતે આવો દાવો કરવાનો હક પહોંચતો હોય ત્યારથી ૩ વર્ષમાં દાવો દાખલ કરવો જોઈએ પરંતુ જયારે ડેકલેરેશન સાથે ટાઈટલની માંગણી હોય ત્યારે આવો દાવો ૧૨ વર્ષની અંદર દાખલ કરવો જોઈએ ત્યારે વાદી ધ્વારા આંક–૮૪ તથા આંક–૮૫ વાળા દસ્તાવેજો સને–૧૯૬૩ માં કરેલ હોય ત્યારથી ટાઈટલ ઠરાવી આપવાની દાદ માંગેલ છે ત્યારે આવો દાવો ૧૨ વર્ષની મુદત ગણવામાં આવે તો સને–૧૯૭૫ માં વાદી ધ્વારા દાવો દાખલ કરેલ હોવો જોઈએ પરંતુ વાદી ધ્વારા તેઓને દસ્તાવેજ થયેલ હોવાની જાણ હોવા છતાં જે હકીકત તેઓ કબુલ રાખે છે ત્યાં સુધી એટલે કે ૩૮ વર્ષ બાદ દાવો દાખલ કરેલ છે ત્યારે વાદી ધ્વારા દાવો નિયત સમયમર્યાદામાં દાખલ કરેલ છે તેવી હકીકત સાબીત થતી ન હોય **મુદા નં.૪** નો જવાબ **હકારમાં** ઠરાવવામાં આવે છે.

**૧૨.) મુદ્ધા નં. ૫ :–**

પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી તેમની રજુઆતમાં જણાવે છે કે, વાદી ધ્વારા હાલનો દાવો દાખલ કરેલ છે તેમાં પ્રતિવાદીના અન્ય વારસો હોવા છતાં તેઓને જોડેલ નથી કે કોશીશ કરેલ નથી. વધુમાં પ્રતિવાદીએ કાઉન્ટર દાવામાં વારસો જોડેલ છે જેથી વાદીને સ્પષ્ટ રીતે પક્ષકારોનો બાધ નડે છે.

વાદી તરફે વિ.વ.શ્રી તેમની રજુઆતમાં જણાવે છે કે, વાદીએ આ કામે બધા જ પ્રતિવાદીઓને જોડેલ છે અને પક્ષકારોના બાધ માત્રથી જ વાદીનો દાવો નામંજુર કરી શકાય નહિ જયારે કે વાદી અને પ્રતિવાદીઓના વારસો વચ્ચે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થયેલ છે ત્યારે વાદીના દાવાને પક્ષકારોનો બાધ નડતો નથી.

આ કામે બંને પક્ષકારોની રજુઆતો સાંભળી. વાદી દ્વારા પોતાની દાવા અરજીમાં પ્રતિવાદીઓ તરીકે ગુ.કુંભાર રૂપાભાઈ આંબાભાઈ તથા તેમના વીધવા પત્નિ સંતોકબેન રણછોડભાઈના વારસદારોને દાવાના કામે પ્રતિવાદીઓ તરીકે જોડેલ છે ત્યારે પ્રતિવાદી તરફે આંક-૧૫૬ થી મામલતદાર કચેરીના કર્લાકની જુબાનીમાં આંક-૧૫૮ થી નોંધ નં.૪૩૬૦ રજુ રાખવામાં આવેલ છે જેમાં તા.૧/૧/૮૬ ના રોજ વારસાઈથી નોંધ પાડવામાં આવેલ છે જેમાં રૂપા આંબા ગુજરી જતા તેમના કાયદેસરના વારસોમાં (૧) ગલાલબેન રૂપા (૨) કુંવરજી ભાઈ (૩) રળીયાત બેન રૂપા (૪) તળશી રૂપા (૫) ગોમતીબેન રૂપા (૬) દેવજી રૂપા (૭) જેઠા રૂપા (૮) ગોવિંદ રૂપા (૯) શાંતાબેન રૂપા ની વારસાઈ તરીકે એન્ટ્રી પડેલ છે એટલે કે ઉપરોકત નામો એ રૂપા આંબાના કાયદેસરના વારસોમાં થાય છે. વધુમાં વાદીની આંક-૮૦ ની ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે રૂપાભાઈ આંબાભાઈના વારસો પૈકી ૧. ગલાલબેન ૨. રળીયાતબેન ૩. ગોમતીબેન ૪. શાંતુબેન એન ૫. કુંવરજભાઈ ને આ દાવામાં પક્ષકાર તરીકે જોડેલ નથી. એ વાત ખરી છે કે રૂપાભાઈ આંબાભાઈના એક પુત્ર તળશીભાઈ રૂપાભાઈ અવસાન પામેલ છે. એ વાત ખરી છે કે તેઓના એક વારસદાર મહેન્દ્રભાઈ તળશીભાઈને મે આ કામમાં વારસદાર તરીકે જોડેલ નથી તેવી હકીકત સ્વીકારે છે ત્યારે વાદી ઉપરોકત હકીકત જણતા હોવા છતાં તેઓ દ્વારા પ્રતિવાદી ગુ.રૂપા આંબાના તમામ વારસદારોને આ કામે જોડેલ નથી ત્યારે તમામ હિત ધરાવતા પક્ષકારોને જોડવા પડે ત્યારે આ કામે વાદી દ્વારા જરૂરી પક્ષકારોને જોડેલ ન હોય વાદીના દાવાને જરૂરી પક્ષકારોનો બાધ નડતો હોય **મુદ્દા નં.૫** નો જવાબ આથી **હકારમાં** ઠરાવવામાં આવે છે.

**૧૩.) મુદ્દા નં. ૬:–**

આ કામે પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી તેમની રજુઆતમાં જણાવે છે કે, દાવાવાળી મીલકત સ.નં.૬૧૨/૧ કુંભાર રૂપા આંબાના મરણ બાદ તેઓના વારસોની હકક હિસ્સે આવેલ છે તેથી કુંભાર રૂપા આંબાની વિધવા પત્ની સંતોકબેન તે રણછોડભાઈ પાસેથી વાદીએ ખરીદેલ છે જે દાવાવાળી મીલકત ગુ.કુંભાર રૂપા આંબાના અન્ય વારસદારો હયાત હોય જેથી એકલા કુંભાર આંબાની વિધવા પત્ની સંતોકબેનને વેચાણ કરવાનો અધિકાર નથી.

વાદી તરફે વિ.વ.શ્રી તેમની રજુઆતમાં જણાવે છે કે, ગુ.કુંભાર રૂપા આંબાએ દાવાવાળી મીલકત સ.નં.૬૧૨/૧ તેઓની વિધવા પત્નીને ભરણપોષણ પેટે આપેલ છે અને પ્રતિવાદીઓ ઘ્વારા ઉપરોકત મીલકત અંગેનો દસ્તાવેજ સને–૧૯૬૩ માં કરેલ છે જયારે પ્રતિવાદી તેમના દસ્તાવેજી પુરાવામાં નોંધ નં.૪૩૬૦ રજુ રાખેલ છે જે નોંધ વારસાઈની સને–૧૯૮૬ માં પડેલ છે ત્યારે પ્રતિવાદીઓનો દાવાવાળી મીલકત પરત્વે કોઈ હિસ્સો હોવાનું સાબીત થતું નથી.

બંને પક્ષકારોની રજુઆતો સાંભળી. આ કામે પ્રતિવાદી તરફે દાવાવાળી મીલકત સ.નં.૬૧૨/૧ માં પ્રતિવાદીઓના વારસોનો હકક, હિસ્સો છે તેમ જણાવે છે ત્યારે સ.નં.૬૧૨/૧ વાળો દસ્તાવેજ સને–૧૯૬૩ માં રજી.વેચાણ દસ્તાવેજ કરેલ છે અને પ્રતિવાદીઓના વારસોની વારસાઈ નોંધ નં.૪૩૬૦ સને–૧૯૮૨ માં કરેલ છે વધુમાં પ્રતિવાદી ઘ્વારા ગુ.સંતોકબેન તે રૂપા આંબાની વિધવા તરીકે હોય તો પ્રતિવાદી ઘ્વારા તેમના પેઢીનામામાં સંતોકબેનનું પત્ની તરીકે નામ જણાવેલ નથી જેથી એ હકીકત સાબીત થાય કે સંતોકબેનના અન્ય વારસો છે.

આમ, સમગ્ર રજુ થયેલા પુરાવા સંબંધે કાયદાકીય બાબતે ચર્ચા કરીએ તો આ કામે ભારતીય હિન્દુ વારસ ધારો ૧૯૫૬ અસ્તિત્વમા આવ્યા બાદ, સને ૧૯૫૬ પછીની

હિન્દુ વારસાઈ બાબતો અંગે હિન્દુ વારસા ધારો લાગુ પડે છે. વધુમાં સને ૨૦૦૫ મા સુધારા પછી પુત્રીને પણ આવા અધિકાર મળે છે તથા ૪ પેઢીના વંશજો કોપાસનર ગણાય છે તે પ્રમાણે વારસો નકકી થાય છે.

આ સમયે પ્રતિવાદી જવાબ તથા કાઉન્ટર દાવામાં તથા જુબાનીમા જણાવે છે કે, ગુ.કુંભાર રૂપા આંબા તથા તેમના વિધવા પત્ની સંતોકબેન તે કુંભાર આંબાના વારસો હોવાના નાતે તેઓ દાવાવાળી મિલકતમા સંયુકત માલીકી હકક ધરાવે છે.

હિન્દુ વારસાધારાની જોગવાઈ મુજબ કોઈ હિન્દુ બીન વસયતી ગુજરી જાય ત્યારે તેના ભાગમા આવેલ મિલકત તે સમયે જીવીત હોય તે હિન્દુ અવિભકત કુટું બના સભ્યો સહિસ્સેદાર (કોપાસનર) કહેવાય અને તે મિલકત કોપાસનરી (મજીયારી) પોપર્ટી કહેવાય. હિન્દુ વારસાધારાની કલમ ૬, ૮ અને ૧૯ સંબંધે નામદાર સુપ્રિમ કોર્ટે ઉત્તમ વિરુધ્ધ સુહાગના ના કેસમાં પેરા નંબર ૨૦ માં કોપાસનરી કોને કહેવાય અને કોપાસનરી મિલકત સંબંધે ચર્ચા કરવામા આવેલી છે.

20. Some other judgments were cited before us for the proposition that joint family property continues as such even with a sole surviving coparcener, and if a son is born to such coparcener thereafter, the joint family property continues as such, there being no hiatus merely by virtue of the fact there is a sole surviving coparcener. Dharma Shamrao Agalawe v. Pandurang Miragu Agalawe (1988) 2 SCC 126, Sheela Devi v. Lal Chand, (2006) 8 SCC 581, and Rohit Chauhan v. Surinder Singh (2013) 9 SCC 419, were cited for this purpose. None of these judgments would take the appellant any further in view of the fact that in none of them is there any consideration of the effect of Sections 4,

8 and 19 of the Hindu Succession Act. The law, therefore, insofar as it applies to joint family property governed by the Mitakshara School, prior to the amendment of 2005, could therefore be summarized as follows:-

(i) When a male Hindu dies after the commencement of the Hindu Succession Act, 1956, having at the time of his death an interest in Mitakshara coparcenary property, his interest in the property will devolve by survivorship upon the surviving members of the coparcenary (vide Section 6).

(ii) To proposition (i), an exception is contained in Section 30 Explanation of the Act, making it clear that notwithstanding anything contained in the Act, the interest of a male Hindu in Mitakshara coparcenary property is property that can be disposed of by him by will or other testamentary disposition.

(iii) A second exception engrafted on proposition (i) is contained in the proviso to Section 6, which states that if such a male Hindu had died leaving behind a female relative specified in Class I of the Schedule or a male relative specified in that Class who claims through such female relative surviving him, then the interest of the deceased in the coparcenary property would devolve by testamentary or intestate succession, and not by survivorship.

(iv) In order to determine the share of the Hindu male coparcener who is governed by Section 6 proviso, a partition is effected by operation of law immediately before his death. In this partition, all the coparceners and the

male Hindu’s widow get a share in the joint family property.

(v) On the application of Section 8 of the Act, either by reason of the death of a male Hindu leaving self-acquired property or by the application of Section 6 proviso, such property would devolve only by intestacy and not survivorship.

(vi) On a conjoint reading of Sections 4, 8 and 19 of the Act, after joint family property has been distributed in accordance with section 8 on principles of intestacy, the joint family property ceases to be joint family property in the hands of the various persons who have succeeded to it as they hold the property as tenants in common and not as joint tenants.

હિન્દુ કુટુંબમા પુત્ર, પૌત્ર, પૌત્રનો પુત્ર પેઢી સુધીનો કોપાસનર ગણાય છે. જયારે જન્મ થાય છે ત્યારથી તે મિલકતનુ હિત પ્રાપ્ત કરે છે અને કોઈ બીનવસીયતી હિન્દુ મરણ પામે ત્યારે તરત જ તેને મિલકત કુટુંબના પુત્ર, પૌત્ર, પૌત્રના પુત્ર કોપાસનર હોય છે. આથી હાલના કેસમા પ્રતિવાદીઓએ બતાવવુ જોઈએ કે તેમના દાદા ગુજરનાર કુંભાર આંબા મરણ ગયેલ હતા તે પહેલા તેમનો જન્મ થઈ ગયેલ હતો અને કહેવાતી મિલકત વડીલોપાર્જિત ગણાય. પ્રતિવાદીએ પોતાના દાવામા ફકત ગુજરનાર રૂપા આંબાના વિધવા પત્ની ગુ.સંતોકબેનના વારસદારો છે જેથી તેમનો દાવાવાળી મિલકતમા હકક અધિકાર છે પરંતુ તેમના દાદા કુંભાર આંબા કયારે ગુજરી ગયા અને તેમના દાદા ગુજરી ગયા સમયે પ્રતિવાદીઓ હયાત હતા કે નહી કે તેવો કોઈ દસ્તાવેજી પુરાવો પ્રતિવાદી દવારા આ કામે રજુ કરવામા આવેલો નથી.

વધુમા, પ્રતિવાદીઓ તરફે આંક–૧૫૮ વાળી વારસાઈ રજુ રાખવામાં આવેલ છે પરંતુ ઉપરોકત મીલકત રૂપા આંબા પાસે કેવી રીતે આવેલ છે જેના કોઈ આધાર આ

કામે રજુ કરવામા આવેલ નથી જેથી રેકર્ડ પરથી દાવાવાળી મિલકતો પ્રતિવાદીઓની વડીલોપાર્જિત મિલકત કે સ્વપાર્જિત મિલકત છે તે હકીકત સ્પષ્ટ થતી નથી ત્યારે પ્રતિવાદીઓ વારસોનો કાઉન્ટર દાવામાં દાવાવાળી મિલકત સ.નં.૬૧૨/૧ માં હકક, હિસ્સો હોય હોવાનુ ઉપરોકત પુરાવા ઉપરથી પ્રતિવાદી પુરવાર કરવામા નિષ્ફળ નીવડેલ હોય **મુદ્દા નં.૬** નો જવાબ આથી **નકારમાં** ઠરાવવામાં આવે છે.

**૧૪.) મુદ્દા નં. ૭ :-**

પ્રતિવાદી આ કામે પોતાના કાઉન્ટર દાવામાં આંક-૮૫ વાળો દસ્તાવેજ રદ કરવા માટેની દાદ માંગેલ છે વાદીએ દાવાઅરજીમાં સદર દાવો દાખલ કરવાનુ કારણમા જણાવેલ છે કે, વાદીએ તેઓએ છ માસ પહેલા ધમકી આપેલ ત્યારથી કારણ ઉભું થયેલ છે તેવી હકીકત જણાવે છે પરંતુ પ્રતિવાદીઓ ધ્વારા આંક-૮૫ વાળો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સને-૧૯૬૩ માં થયેલ હોવા છતાં તે અંગેની તેઓને જાણ ન હોય તેવી હકીકત ટકવાપાત્ર જણાતી નથી. વધુમાં પ્રતિવાદીઓના વારસોની વારસાઈ સને-૧૯૮૬ માં થયેલ ત્યારથી પણ તેઓ વેચાણ દસ્તાવેજ વિશે કંઈ હકીકત જાણતા નથી તેમજ ગુ.સંતોકબેન રૂપા આંબાને દાવાવાળી મીલકત સ.નં.૬૧૨/૧ તેમના પતિએ ભરણપોષણ માટે આપેલ છે તેવી હકીકત અંગેના પણ કોઈ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ નથી.

વધુમાં પ્રતિવાદી તર્ફે નામદાર ઉચ્ચ અદાલતના (૧) ૨૦૧૧ (૦)એ.આઈ.જે.ઈ.એલ.એચ.સી.૫૦૪૫૭ સુરજલેંપ એન્ડ ઈન્ડ.પ્રા.લી.વિરુધ્ધ સ્ટેટ ઓફ હરીયાણાના ચુકાદામાં સામાન્ય રીતે કોઈ પણ પ્રકારનો રજી.દસ્તાવેજ હોય તો તેને જનરલ પાવર ઓફ એટર્નીથી વેચાણ થઈ શકે નહી તેવો સિધ્ધાંતમાં ઠરાવેલ છે પરંતુ આ કામે આવો કોઈ પાવર ઓફ એટર્ની આપેલ હોય તે હકીકત સાબિત થતી નથી.

વધુમાં પ્રતિવાદી તર્ફે નામદાર ઉચ્ચ અદાલતના (૨) એ.આઈ.આર.૧૯૯૮ કેરાલા ૨૪– મનીચમકાંડી કુન્નીરમન અને બીજાઓ વિરુધ્ધ માછીપરંબાથ વનજા અને બીજાઓના ચુકાદામાં ઠરાવેલ છે કે કોર્ટની મંજુરી વિના સગીર સામેની મિલકતમાં ફેરફાર થાય તેવુ થઈ શકે નહી.

વધુમાં પ્રતિવાદી તર્ફે નામદાર ઉચ્ચ અદાલતના (૩) પવનકુમાર એન્ડ ગંગાબીશન ગુપ્તા વિરુધ્ધ ફાયનાશીયલ કમિશ્નર–૧૦૭ (૨૦૦૩) ડી.એલ.ટી.૭૨૬ ના ચુકાદામાં ઠરાવેલ છે કે કોઈ વ્યકિતને કોઈ મિલકત પરત્વે હકક ધરાવતો ન હોય ત્યારે તે મિલકતનુ ટ્રાન્સફર કરવાનો તેને હકક નથી.

વધુમાં પ્રતિવાદી તર્ફે નામદાર ઉચ્ચ અદાલતના (૪) રતેન્દ્રકુમાર વિરુધ્ધ ક્રયનીરીક્ષક હાથરસ જંકશન અને બીજાઓ(સે.અ.૭૪૫/૨૦૧૮) ના ચુકાદામાં જયારે વાદી દ્રારા તકરારી જગ્યા બાબતે કોઈ પુરતો પુરાવો રજુ રાખેલ ન હોય ત્યારે આવી મિલકત સબબ વાદી કબજો ધરાવે છે તેવુ કહી શકાય નહી.

વધુમાં પ્રતિવાદી તર્ફે નામદાર ઉચ્ચ અદાલતના (૫) સાગરનગર રીટાયર્ડ લેઆઉટ પ્લોટ ઓનર અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ (રીટ પીટીશન નં.૪૯૪૮/૨૦૨૩) તથા (૬)મહેશીલાલ વર્મા વિરુધ્ધ દર્શનુદેવી અને બીજાઓ (૨૦૨૫)ના ચુકાદામાં ઠરાવેલ છે કે કોઈ પણ વ્યકિત પોતાની જે મિલકત પરત્વેનો હકક હોય તેનાથી સારો હકક બીજાને ટ્રાન્સફર કરી શકે નહી.

આમ નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ઘ્યાને લેતા હાલના કેસમાં પ્રતિવાદી દ્રારા ગુજરનાર સંતોકબેનને દાવાવાળી મિલકત અંગે જે પેઢીનામુ રજુ રાખેલ છે તે પેઢીનામા મુજબ પણ હાલના પ્રતિવાદીઓ તેમના વારસો તરીકે છે કે કેમ તે હકીકત સાબિત કરતા નથી.

વધુમાં પ્રતિવાદીઓ ધ્વારા આંક–૧૮૨ થી આંક–૨૩૪ સુધી પ્રતિવાદીઓના આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ અને દાખલાઓ રજુ રાખેલ છે પરંતુ ઉકત પુરાવાઓ ધ્યાને લેતા પ્રતિવાદીઓને તેમના વડીલ ગુ.સંતોકબેન ધ્વારા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થયા અંગેની જાણ ન હોય તેવી હકીકત માની શકાય નથી ત્યારે પ્રતિવાદીઓ દાવામાંની દાદ પણ પુરવાર કરતા ન હોય **મુદા નં.૭** નો જવાબ **નકારમાં** આપવામા આવે છે.

**૧૫.) મુદ્દા નં. ૮ :–**

આ કામે વાદી ધ્વારા દાવાવાળી મીલકત સબબ સ.નં.૬૧૨ ના બે ભાગ પડેલા છે પરંતુ તે ભાગ અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ નથી. વધુમાં વાદી ધ્વારા પ્રતિવાદીઓના વડીલ પાસેથી રજી.વેચાણ દસ્તાવેજ થયેલ છે તેનો ઈન્કાર થઈ શકે નહિ અને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ એ રેવન્યુ રેકર્ડ કરતા માલીકી અંગેનો સ્પષ્ટ પુરાવો હોવા છતાં વાદીઓ ધ્વારા દાવાવાળી મીલકત પરત્વે તેઓ ધ્વારા રેવન્યુ રેકર્ડમાં નોંધ પડાવવા માટે કોઈ કાર્યવાહી કરેલ નથી તેમજ તેઓનો દાવાવાળી મીલકત પરત્વે કબજો હોય તે અંગે કોર્ટ કમિશરનું પંચનામું કરાવેલ તેમાં પણ દાવાવાળી મીલકતનું અલગ પંચનામું કરેલ છે જેમાં અન્ય મીલકતની વિગત આવેલ છે. વધુમાં ગુ.સંતોકબેનને ગુ.રૂપા આંબાએ દાવાવાળી મીલકત ભરણપોષણ કરવા માટે આપેલ તેના પણ કોઈ પુરાવા આ કામે રજુ રાખેલ નથી ત્યારે વાદી તરફે રજુ રાખેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓને અંતે વાદી દાવામાંની હકીકત સાબીત કરતા ન હોય **મુદા નં.૮** નો જવાબ **નકારમાં** ઠરાવી **મુદા નં.૯** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

## -: <u>આખરી હુકમ</u> :-

**::૧::** વાદીનો દાવો રદ યાને નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે તથા પ્રતિવાદીનો આંક-૩૦ વાળો રજી.વ.દ.અ.નં.૪૨૨ રદ કરવા તથા કાયમી મનાઈ હુકમ તથા ડેકલેરેશન લગતનો કાઉન્ટર દાવો રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**::૨::** આ દાવાનું તમામ ખર્ચ તમામ પક્ષકારોએ પોતે પોતાનું જાતે ભોગવવું.

**::૩::** હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તા.૦૩ જી , એપ્રિલ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૦૩ -૦૪-૨૦૨૬.
મુ. બોટાદ.

(ભાવેશભાઇ ગોવિંદભાઇ સોલંકી)
એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,બોટાદ.
(જી.જે. ૦૦૯૭૬)